Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023 Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 7, Issue:132 Dt.15-03-2022 (Tuesday) સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# વિરોધ પક્ષને મજબુત કરવો વધુ જરૂરી: નરેશ પટેલ



**સૌરાષ્ટ્રનાં રાજકારણમાં નવા વળાંકનો સૂચક સંકેત: રાજકારણમાં આવવાનો નક્કર અને સ્પષ્ટ સંકેત આપતા ખોડલધામના પ્રણેતા**

## નરેશ પટેલ 'આપ'માં જોડાશે?

## ૨૦ થી ૩૦ માર્ચની વચ્ચે રાજકારણમાં જોડાવવાના નિર્ણયની જાહેરાત કરશે: નરેશ પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

સૌરાષ્ટ્રનાં રાજકારણમાં અને ખાસ કરીને પાટીદાર રાજનીતિ માટે નવા વળાંકનો ખૂબ જ મહત્વનો અને સૂચક સંકેત આપતા ખોડલધામનાં પ્રણેતા અને પટેલ સમાજનાં લોકપ્રિય તથા સન્માનીય નેતા નરેશ પટેલે આજે રાજકારણમાં જોડાઈ રહ્યાનો સ્પષ્ટ ઈશારો કર્યો છે. તેઓ ૨૦ થી ૩૦ માર્ચની વચ્ચે એમના જીવનનાં ખૂબ મહત્વનાં ખૂબ જ નિર્ણાયક અને સૂચક ફેસલાની સતાવાર ઘોષણા કરશે. સૌરાષ્ટ્રનાં લેઉવા પટેલ સમાજનાં દિગ્ગજ આગેવાન એવા નરેશ પટેલ લાંબા સમયથી રાજકારણમાં પ્રવેશ કરવા અંગે મનોમંથન કરી રહ્યા છે. ત્યારે આજે એમણે ખૂબ જ સૂચક સંકેત આપતું વિધાન કર્યું હતું કે વિરોધ પક્ષને મજબુત કરવો ખૂબ જ જરૂરી છે.

નરેશ પટેલનાં આ વિધાનને લઈને પટેલ સમાજ અને અન્ય તમામ ટોચનાં રાજકીય પક્ષોમાં ચર્ચા, અટકળો અને અનુમાનોની આંધી ફૂકાવા લાગી છે. દિલ્હીનો પ્રવાસ કરીને આવ્યા બાદ મીડિયા સાથેનાં સંવાદમાં નરેશ પટેલે જણાવ્યું હતું કે રાજકારણમાં જોડાવા અંગે હું સમાજ સાથે ચર્ચા કરીશ. યોગ્ય સમયે સમાજ સાથે ચર્ચા કરીને સમાજ કહે એ મુજબ નિર્ણય લેવાની મારી તૈયારી છે. મારી વ્યક્તિગત ઈચ્છા તો રાજકારણમાં જોડાઈ જવાની છે જ. પણ સમાજ સાથે ચર્ચા કરીને રાજકારણમાં પ્રવેશ કરવાનો નિર્ણય લેવા માંગુ છું. તેમણે વિરોધ પક્ષને મજબુત કરવા પર ભાર મુક્યો હતો અને રાજકારણમાં જોડાઈ જવાના પોતાના ઈરાદાનો આજે ખૂબ જ સ્પષ્ટ અને મહત્વનો સંકેત આપ્યો હતો.

આગામી તા.૨૦ થી ૩૦ માર્ચની વચ્ચે રાજકારણમાં પ્રવેશ અંગેનાં ફેસલાની જાહેરાત કરીશ એવું ખોડલધામ નરેશે જણાવ્યું હતું. આ રીતે સૌરાષ્ટ્રનાં અને ખાસ કરીને પાટીદાર રાજનીતિ માટે ખૂબ જ મહત્વની અને મોટી ઘટના સાકાર થઇ રહી છે.

કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બંને પક્ષો નરેશ પટેલને આમંત્રણ આપી ચૂક્યા છે એ

(અનુ.પાના નં.૪ ઉપર)

## બંગાળી અભિનેત્રી રૂપા દત્તા કોલકતામાં લોકોના પાકીટ તફડાવતી ઝડપાઈ

### બંગાળી ફિલ્મ જગતમાં સનસનાટી, જાતજાતની ચર્ચા



(એજન્સી સમાચાર)

કોલકતા, તા.૧૫

જાણીતા ટેલીવિઝન શો જય માં વૈષ્ણવ દેવી બાદ લોકપ્રિય બનેલી બંગાળી અભિનેત્રી રૂપા દત્તાને કોલકતાનો લોકોનાં પાકીટ તફડાવવાના આરોપસર પોલીસે ઝડપી કસ્ટડીમાં ધકેલી દેતા બંગાળી ફિલ્મ જગતમાં સનસનાટી પ્રસરી ગઈ છે.

કોલકતામાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં રૂપા લોકોનાં પાકીટ તફડાવી ખિસ્સા કાતરુ જેવી ચોરી કરી રહી હોવાનો પોલીસે આક્ષેપ કર્યો છે. એક મહિલા પોલીસ કર્મીએ અભિનેત્રીને એક પર્સ ખાલી કરીને કચરા પેટીમાં ફેંકતા જોઈ હતી. પોલીસ કર્મીએ ઉચ્ચ અધિકારીને જાણ કરી હતી ત્યારબાદ પોલીસે તેની પૂછપરછ કરતા એ ગલ્લા- તલ્લા કરવા લાગી હતી. મહિલા પોલીસ કર્મીઓએ તેની તપાસ કરતા તેની બેગમાંથી સંખ્યાબંધ પાકીટ

(અનુ.પાના નં.૪ ઉપર)

### પારિવારિક રાજકારણ સામે વડાપ્રધાનની લાલબતી

## ભાજપમાં પણ વંશવાદનું રાજકારણ ચલાવી નહીં લેવાય, જો કોઈની ઉમેદવારી રદ થાય તો હું જ જવાબદાર: મોદી

### ચાર રાજ્યોમાં પ્રચંડ વિજય બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપનાં રાષ્ટ્રીય વડા જે.પી. નડ્ડાનું ભવ્ય સ્વાગત કરાયું



**સંસદીય દળની બેઠકમાં લતા મંગેશકર, યુક્રેનમાં માર્યા ગયેલા ભારતીય વિદ્યાર્થી તથા કર્ણાટકમાં માર્યા ગયેલા બજરંગદળનાં કાર્યકરને શ્રધ્ધાંજલિ અપાઈ**

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧૫

યુપી સહિતનાં ૪ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં ભવ્ય વિજયનાં વધામણા કરવા માટે યોજાયેલી ભાજપ સંસદીય દળની બેઠકમાં ભાવવાહી પ્રવચન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પક્ષનાં સાંસદોને નક્કર સંદેશો આપ્યો હતો કે, ભાજપમાં પણ કોઈપણ પ્રકારનું પારિવારિક રાજકારણ ચલાવી લેવાશે નહીં.

તેમણે કહ્યું હતું કે, અન્ય પક્ષોનાં વંશવાદી રાજકારણ સામે પક્ષ લડત આપતો રહેશે એ જ રીતે ભાજપમાં પણ કૌટુંબિક રાજનીતિ ચલાવી નહીં લેવાય. જો કોઈની ઉમેદવારી રદ થાય તો એ મારી જ જવાબદારી હશે.

સંસદીય દળની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપનાં રાષ્ટ્રીય વડા જે.પી.નડ્ડાનું ભવ્ય શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. તમામ સાંસદો અને આગેવાનોએ ઉભા થઈને બંનેનો સત્કાર કર્યો હતો. પુષ્પહાર પેરાવવા માટે નેતાઓ આગળ આવ્યા ત્યારે વડાપ્રધાને સૌપ્રથમ જે.પી.નડ્ડાને હાર પહેરાવવાનો ઈશારો કરતા ભાવવાહી દ્રશ્ય સર્જાયું હતું. નડ્ડાનાં નેતૃત્વમાં મોટા વિજય મળ્યા છે. યોગી આદિત્યનાથ સતત બીજી મુદત માટે મુખ્યમંત્રી બન્યા હોય એવું યુપીમાં ૩૭ વર્ષમાં પહેલીવખત થયું છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, કાશ્મીરનાં મામલામાં હંમેશા સત્ય છુપાવવાનો પ્રયાસ થયો છે. લાંબા સમયથી સત્ય છુપાવવામાં આવ્યું હવે એ સત્ય છુપાવનારા

(અનુ.પાના નં.૪ ઉપર)

### તાજેતરની ચૂંટણીઓમાં પક્ષનાં સાંસદોનાં સંતાનોને ટિકિટ નહીં આપવાનો નિર્ણય મારો હતો: નરેન્દ્ર મોદી

નવી દિલ્હી: ભાજપ સંસદીય દળની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એવી સૂચક ટકોર કરી હતી કે, તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીઓમાં પક્ષનાં સાંસદોમાં સંતાનોને ટિકિટ નહીં આપવાનો નિર્ણય મારો હતો.

તેમણે કહ્યું હતું કે, ઘણા સાંસદો અને પક્ષનાં નેતાઓ એમના સંતાનો માટે ટિકિટ માંગી રહ્યા હતા પણ એમાંના ઘણાને અપાઈ નથી. એ પધ્ધતિ કૌટુંબિક રાજકારણનો ભાગ છે. એટલે એમને મારા કારણે ટિકિટ મળી નથી. કેમકે પારિવારિક રાજકારણ દેશ માટે ભયજનક છે. તેનાથી જાતિવાદને ઉતેજન મળે છે.(૨.૧૨)



### હિરાસર એરપોર્ટનું કામ જુન સુધીમાં પુરૂ કરવા આદેશો

### રાજકોટથી મુંબઈની ફલઈટ હવે એક કલાકમાં પહોંચાડશે: ૨૭ માર્ચથી શરૂ થશે નવી ફલાઈટ

## ગાંધીનગરમાં વસંતોત્સવ: સૂર, સંગીત, કલાનો અનોખો સમન્વય

### ૨૩ માર્ચ સુધી દરરોજ ખ્યાતનામ કલાકારો સૂરથી ડોલાવશે: લોકસંગીત અને સાહિત્યનાં કાર્યક્રમોની વણઝાર શરૂ: હસ્તકલા અને હાથશાળ વસ્તુઓની ખરીદી સાથે વિવિધ વાનગીઓનાં આ સ્વાદની મજા

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતનાં પાટનગર ગાંધીનગરમાં કલારસિકો જેની આતુરતાથી રાહ જોતા હોય છે. એવા વસંતોત્સવને ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખુલ્લો મુક્યો હતો. તા.૨૪ માર્ચ સુધી દરરોજ લોકસંગીતની રમઝટ બોલશે અને સાહિત્યનાં કાર્યક્રમો પણ યોજાશે. આ પ્રસંગે રાજ્યનાં રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગનાં રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃતિ કુંજ ખાતે સૂર, સંગીત અને કલાનો સુભગ સમન્વય યોજાયો છે.

વસંતોત્સવ ૧૯૯૬ થી યોજવામાં આવતો ગુજરાતનાં પાટનગરનો સાંસ્કુતિક લોકઉત્સવ છે. જેમાં દેશના ભિન્ન- ભિન્ન રાજ્યનાં અને ગુજરાતનાં પ્રસિધ્ધ લોકનૃત્યોની રમઝટ બોલશે. ઉપરાંત ગુજરાતની લુપ્ત થતી જતી નટ-બજાણીયા, બહુરૂપી જેવી લોકકળા તેમજ ઉતર ગુજરાતનાં લોકનૃત્યો અને ભુલાતા જતા વાધ્યો દ્વારા સંગીત ચાહકોને સાંભળવા મળશે. પ્રથમ પાંચ દિવસ રાજસ્થાન, હરિયાણા, છતીસગઢ, ઓરિસ્સા તથા જમ્મુ અને કાશ્મીર રાજ્ય દ્વારા તેમજ બીજા પાંચ દિવસ પંજાબ, સિક્કિમ, આસામ, પશ્ચિમ બંગાળ અને મણીપુરનાં પ્રાદેશિક નૃત્યોની ઝલક જોવા મળશે. ગુજરાતનાં પ્રાચીન અને અર્વાચીન ગરબા તથા રાસની સ્પર્ધા યોજાશે. વિવિધ આદિવાસી ગ્રુપ દ્વારા આદિવાસી નૃત્યોની રોચક ઝલક જોવા મળશે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત લોકસંગીતનાં રત્ન જેવા ઓસમાણ મીર પણ કંઠનાં કામણ રેલાવશે. કોવિડને કારણે કોઈ ઉત્સવો કે મેળાઓ યોજાયા ન હતા. એટલે ઉત્સવપ્રિય જનતા માટે વસંતોત્સવ યાદગાર બની રહેશે.

દેશી હાટની શૈલીમાં ઉભા કરાયેલ સ્ટોલમાં હસ્તકળાનાં કારીગરીએ તૈયાર કરેલી કલાત્મક ચીજોનું પ્રદર્શન અને વેચાણ પણ થઇ રહ્યા છે. સાથે- સાથે આવનારી જનતાને રાજ્યનાં વિવિધ પ્રાંતની ચટપટી વાનગીઓનો સ્વાદ પણ માણવા મળશે. વસંતોત્સવમાં બપોરે ૨ વાગ્યાથી પ્રવેશ મેળવી શકાશે. સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૭ વાગ્યાથી રાતનાં ૧૦ વાગ્યા સુધી ચાલશે.(૨.૧૨)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
શ્રદ્ધાંજલિ
–:શ્રદ્ધાંજલિની જાહેર ખબર:–
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
5 x 2: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

### વિધાનસભાની ચૂંટણીઓ પહેલા ગુજરાતમાં 'આપ'ને સુદ્રઢ સંગઠન બનાવવાનો વ્યૂહ

# એપ્રિલમાં કેજરીવાલ અને ભગવંત માન અમદાવાદમાં વિશાળ રેલીને સંબોધન કરશે



### પંજાબની જેમ આમ આદમી પાર્ટી ચૂંટણીઓ સમયે ગુજરાતમાં પણ મુખ્યમંત્રી પદનો ચહેરો જાહેર કરી દેશે

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૧૫

પંજાબનો ખૂબ જ મહત્વનો અને મોટો ગઢ જીતીને નવો રાજકીય ઈતિહાસ આલેખનાર આમ આદમી પાર્ટીએ હવે ગુજરાતનાં મતદારોનાં મનામણા કરવા તમામ શકિત અને તાકાત કેન્દ્રિત કરવાનો વ્યૂહ ઘડી કાઢ્યો છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી હોવાથી એ ધ્યાનમાં રાખીને આપનાં બંને ટોચનાં દિગ્ગજ નેતાઓ દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પંજાબનાં મુખ્યમંત્રી ભગવંત માન એપ્રિલ મહિનામાં ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. અમદાવાદમાં વિશાળ રેલી અને રોડ-શોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. એપ્રિલનાં પ્રથમ સપ્તાહમાં બંને નેતાઓ ગુજરાત આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આમ આદમી પાર્ટીએ એવી રાજકીય આગાહી કરી છે કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીઓ નિર્ધારિત સમય કરતા વહેલી યોજાશે.

ગુજરાત આમ આદમી પાર્ટીનાં ઇન્ચાર્જ ગુલાબસિંઘે એવો દાવો કર્યો હતો કે, ગુજરાતમાં કોંગ્રેસ પાસે ન તો કોઈ વ્યૂહરચના બચી છે કે ન તો કોઈ નેતાગીરી બચી છે. આગામી વિધાનસભા ચૂંટણીઓમાં મુખ્ય લડત ભાજપ અને આપ વચ્ચે જ થશે.

ગુલાબસિંઘ યાદવે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રનાં ગૃહમંત્રી અમિત શાહ જે રીતે ગુજરાતમાં પ્રવાસ કરી રહ્યા છે એ જોતા લાગે છે કે વિધાનસભાની ચૂંટણીઓ ૬ મહિના વહેલી જાહેર થઇ શકે છે. યાદવે આક્ષેપ કર્યો હતો કે, ભાજપને એ બાબતની ચિંતા સતાવે છે કે જો અરવિંદ કેજરીવાલને તૈયારીઓ કરવા ૬ મહિનાનો સમય મળશે તો ગુજરાતમાં પણ પંજાબ જેવું થઇ શકે છે.

### આગામી ચૂંટણીઓમાં મુખ્ય લડાઈ ભાજપ અને 'આપ' વચ્ચે રહેશે: આપનાં નેતાનો દાવો

તેમણે કહ્યું હતું કે, પંજાબની જેમ આમ આદમી પાર્ટી ચૂંટણીઓ સમયે ગુજરાતમાં પણ મુખ્યમંત્રી પદનો ચહેરો જાહેર કરી દેશે. ગુજરાતમાં અમારી ટીમમાં ઘણા ભગવંત માન છે. પણ હું અત્યારે કોઈ નામ જાહેર ન કરી શકુ.

ગુજરાત માટે પક્ષની વ્યૂહરચના શું છે અને એજન્ડા શું છે એવા સવાલનાં જવાબમાં ગુલાબસિંઘે જણાવ્યું હતું કે, ગુજરાતમાં શિક્ષણ, બેરોજગારી જેવા મુદ્દાઓ પર અમે ધ્યાન કેન્દ્રિત કરશું અને અગ્રતા આપશું. ઉપરાંત દિલ્હી અને પંજાબનાં મોડેલની જેમ ગુજરાતની પ્રજાને પણ મફત વીજળી અને મફત પીવાના પાણીની સગવડ પ્રદાન કરવામાં આવશે.

આ રીતે દિલ્હી અને પંજાબ જેવા બે રાજ્યોને સર કરનાર આમ આદમી પાર્ટીએ હવે પશ્ચિમ ભારતનાં સૌથી મહત્વનાં રાજ્ય ગુજરાત પર નજર કરી છે. એટલે એપ્રિલનો મહિનો રાજકીય રીતે ખૂબ જ ગરમાગરમ રહેવાની શક્યતા છે. નવા રાજકીય સમીકરણો રચાય તો પણ નવાઈ નહીં લાગે. આવનારા દિવસો ગુજરાતનાં રાજકારણ માટે ખૂબ જ મહત્વનાં અને નિર્ણાયક બની રહેશે.(૨.૧૨)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

## WhatsApp કરો
## તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

## જાહેરાત માટે સંપર્ક કરો:
## 90333 44426




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે **94097 57062** પર ફોન કરો અથવા મેસેજ કરો.

# રાજકોટઃ વેરા-વસુલાત શાખા દ્વારા રૂ.૮૩.૮૦ લાખની રિકવરી



## ૧૭ મિલ્કતોને સીલ, ૧૩૧ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

મહાનપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા ૧૭ મિલ્કતોને સીલ કરેલ, ૧૩૧ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ તથા રૂ. ૮૩.૮૦ લાખ રિકવરી કરેલ છે.

જેમાં વોર્ડ નં- ૫માં ગોવિંદબાગ શાક માર્કેટ પાસે આવેલ ૨-કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતાં રૂ. ૫૨ હજાર રિકવરી. કુવાડવા રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતાં રૂ. ૭૮ હજાર રિકવરી. વોર્ડ નં- ૭માં લાખાજીરાજ રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૧૨ લાખ રિકવરી, પેલેસ રોડ પર આવેલ રાજશૃંગી કોમ્પલેક્ષમાં આવેલ ૩-કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૧.૮૦ લાખ રિકવરી, ગોંડલ રોડ પર આવેલ ૪-કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે સીલ કરેલ છે. વોર્ડ નં- ૮માં નિર્મલા કોન્વેન્ટ રોડ પર આવેલ હોસ્પિટલના બાકી માંગણા સામે રૂ. ૯૪ હજાર રિકવરી. વોર્ડ નં- ૯માં યુનિવર્સિટી રોડ રોડ પર આવેલ ૭-કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૮.૦૧ લાખ રિકવરી. વોર્ડ નં- ૧૨માં વાવડી વિસ્તારમાં આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે જપ્તીની નોટીસ આપતા રૂ. ૧.૨૫ લાખ રિકવરી. વોર્ડ નં- ૧૪માં ઢેબર રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તીની નોટીસ આપેલ છે. વોર્ડ નં- ૧૫માં આજી રીંગ રોડ પર આવેલ કોમર્શીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૨ લાખ રિકવરી. વોર્ડ નં- ૧૭માં યોગેશ્વર સોસાયટીમાં બાકી માંગણા સામે ટાંચ જપ્તીની નોટીસ આપેલ છે. વોર્ડ નં- ૧૮માં કોઠારિયા સોલ્વન્ટ પાસે આવેલ ઇન્ડસ્ટ્રીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૩.૧૦ લાખ રીકવરી, ઢેબર રોડ લાગુ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આવેલ ૫-ઇન્ડસ્ટ્રીયલ યુનિટના બાકી માંગણા સામે રૂ. ૨.૩૯ લાખ રિકવરી કરવામાં આવી. આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, નિરજ વ્યાસ, વિવેક મહેતા તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ તથા વોર્ડ ક્લાર્ક દ્વારા આસી. કમિશ્નર કગથરા, સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રિકવરીની કામગીરી ચાલુ છે.(૧૧)

## ડિસ્ટ્રિક્ટ બાર એસો. દ્વારા ૪ રાજયોમાં ભાજપના વિજયના વધામણા કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મણીપુર અને ગોવાની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપાની બહુમતી સીટો આવતા ભાજપાની થયેલ જીતની ખુશીમાં રાજકોટ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા મીઠાઇ વહેંચીને વિજયના વધામણા કરવામાં આવ્યા હતા. રાજકોટ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, ઉપ-પ્રમુખ જયેશ બોધરા, નયન વ્યાસ, સેક્રેટરી દિલીપ જોષી, અમિતાબેન સિપ્પી, જોઈન્ટ સેક્રેટરી જતીન ઠક્કર, ટ્રેઝરર દિવ્યેશ છગ, લાઈબ્રેરી સેક્રેટરી નિવીદ પારેખ તથા કારોબારી સદસ્યો હર્ષદ બારૈયા, વિરેન રાણિંગા, વિમલ ડાંગર, બિનલબેન મહેતા, પ્રતિક વ્યાસ, શૈલેષ સુચક, લક્ષ્મિબેન જાદવ, મૌલિક જોષી, બિનલબેન મહેતા, દિપક લાડવા, પ્રગતિ માકડિયા, દિવ્યેશ મહેતા અને કિરીટસિંહ જાડેજા વગેરે જોડાયા હતા. તેમજ ચાર રાજયોમાં ભાજપાની થયેલ જીતના વધામણા કરી ભવ્ય જીત બદલ ખુશી વ્યકત કરી હતી.

### પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલનો કાલે જન્મદિવસ

## વિવિધ સેવાકીય કાર્યો થકી જન્મદિવસની ઉજવણી કરાશેઃ મિરાણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલનો કાલે જન્મદિવસ છે ત્યારે શહેર ભાજપ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો થકી પાટીલના જન્મદિવસની ઉજવણી કરવામાં આવશે. આ અંતર્ગત શહેર ભાજપ કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં અને શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુરની ઉપસ્થિતિમાં શહેર ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ હતી.

**વિવિધ સેવાકીય કાર્યો યોજાશે**

સવારે ૧૦:૩૦ કલાકે લઘુમતી મોરચા દ્વારા પદમકુંવરબા હોસ્પિટલ ખાતે ફ્રુટ વિતરણ
સવારે ૧૧ કલાકે બક્ષીપંચ મોરચા દ્વારા કુપોષિત બાળકોને પ્રોટીન પાવડરનું વિતરણ
સવારે ૧૧:૩૦ કલાકે અનુ.જાતિ મોરચા દ્વારા એકરંગ સંસ્થાઓની બાળાઓને ભોજન
બપોરે ૧૨ કલાકે કિશાન મોરચા દ્વારા રમણીક કુંવરબા વૃધ્ધાશ્રમ ખાતે ભોજન
સાંજે ૪:૩૦ કલાકે યુવા મોરચા દ્વારા માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોને ભોજન કરાવાશે
સાંજે ૭ કલાકે મહિલા મોરચા દ્વારા પંચનાથ મંદિર ખાતે મહાઆરતી


આ બેઠકમાં શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીત વાડોલીયા, મહામંત્રી જે.પી. ધામેચા, રત્નાભાઈ રબારી, યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી હેમાંગ પીપળીયા, મહિલા મોરચાના મહામંત્રી કિરણબેન હરસોડા, લીનાબેન રાવલ, લઘુમતી મોરચાના પ્રભારી આસીફ સલોત, પ્રમુખ યાકુબભાઈ પઠાણ, મહામંત્રી રાજુભાઈ દલવાણી, અનુ. જાતિ મોરચાના પ્રભારી અને શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, કિસાન મોરચાના પ્રમુખ ભરત શીંગાળા, મહામંત્રી રસીકભાઈ પટેલ, યોગેશ ભુવા સહીતના ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારે વધુમાં કમલેશ મિરાણી, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ જણાવેલ કે, અને સી.આર. પાટીલ પેજપ્રમુખ- પેજસમિતિની કામગીરી થકી મતદાતાઓના એક વર્ગને પાર્ટીમાં જોડી રહ્યા છે અને પાર્ટીના સંગઠનને વધુ મજબુત બનાવી રહ્યા છે. શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીએ પાટીલજીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

ત્યારે આ બેઠકની સંપૂર્ણ વ્યવસ્થા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનિલભાઈ પારેખ અને શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષીએ સંભાળી હતી.

## ન્યારા આશ્રમમાં ૧૮મીએ રાસ- ગરબા ઉત્સવ

### સાંજે ૬ થી ૯ સુધી ભજન- ભોજન, ચા- પાણીની પણ વ્યવસ્થા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટની ભાગોળે જામનગર રોડ પર આવેલા ન્યારા તથા આજુબાજુના ગામને ધન્ય કરવા ૧૯૧૯ માં સદ્‌ગુરુ શ્રી રણછોડદાસ બાપુ પધાર્યા ત્યારબાદ ૧૯૨૫ માં બધાએ સાથે મળી પ્રાર્થના કરી હતી કે, બાપુ આપની હાજરી ન હોય ત્યારે પૂજા રૂમમાં રાખવા માટે ફોટો- પ્રતિમા લેવાની અનુમતી આપો. જેથી તેમણે બધાની વાત સ્વીકારી હાસ્ય સાથે અનુમતી આપી હતી. વળી, જયારે બાપુ ન્યારા પધારતા ત્યારે તેમનો પ્રિય રાસ લેવાડાવતા હતા. આશા ભર્યાને અમે આવ્યાને મારા વાલાનેં રમાડયા રાસ આવેલ આશા ભર્યા, તે બાપુના શબ્દોને સાર્થક કરવા માટે તા.૧૮ ને શુક્રવારે સાંજે ૬ થી ૯ વાગ્યા સુધી રાસ - ગરબાનો પ્રોગ્રામ રાખેલ છે. ભજન અને ભોજનની વ્યવસ્થા તથા ચા- પાણીની વ્યવસ્થા રાખેલ છે. આપ સહુ તપોભુમીને આંગણે ભુલ્યા વગર મહાપ્રસાદનો લાભ લેવા જણાવાયું છે. હવે ન્યારા આશ્રમમાં લગ્ન વિધિ, રાંદલ માતાજીના લોટા, સત્યનારાયણ ભગવાનની કથા, શ્રી રામઅર્ચન પુજન વિધિનો પવિત્ર પૂજાનો પાઠ ન્યારા આશ્રમે વસાવેલ છે. આ ઉપરાંત શ્રી ભાગવતજી, શ્રી રામાયણજી, શ્રી દેવી ભાગવતજી, શ્રી શીવપુરાણ કોઈપણ ધાર્મિક પ્રસંગ તથા કોઈ પ્રસંગમાં ૫,૦૦૦ વ્યકિત માટે જમણવાર થાય તેટલા વાસણ વસાવેલ છે. પેડેસ્ટલ પંખા ૩૦ નંગ સુધી વ્યાજબી ભાડાથી નાનામાં નાનો માણસ કરી શકે તે અનુદાનમાંથી ઉજવી શકે છે.(૧૨)

## જસદણ તાલુકા યુવા ભાજપના ઉપપ્રમુખની નિમણૂંક



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૫

રાજકોટ જીલ્લા યુવા ભાજપ પ્રમુખ સતિષભાઈ શિંગાળાએ જસદણ તાલુકા યુવા ભાજપ પ્રમુખ અંકિતભાઈ બોઘરા,મહામંત્રી સતિષભાઈ વસાણી સાથે ચર્ચા વિચારણા કરીને જસદણ તાલુકા યુવા ભાજપના ઉપપ્રમુખ તરીકે આટકોટના યોગેશ સાવલિયાની નિમણુક કરી છે.

યોગેશ સાવલિયા યુવા જોશીલા અને ઉત્સાહી કાર્યકર તરીકે સારી કામગીરી કરેલ છે. તેમજ તેઓ અનેક સેવાકીય પ્રવૃત્તિ સાથે પણ જોડાયેલ છે.

## સૌરાષ્ટ્ર- કચ્છ બ્રહ્મસમાજના હોદ્દેદારોની વરણીઃ સન્માન

### મહિલા પાંખનાં પ્રમુખ સીમાબેન જોષી, મહામંત્રી તરીકે ધર્મિષ્ઠાબેન વ્યાસ, કારોબારી સભ્ય જલ્પાબેન દવે અને મીડિયા કન્વીનર તરીકે નિશ્ચય જોષી નિયુક્ત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં નંદેશ્વર મહાદેવ મંદિર, નાણાવટી ચોક ખાતે સાષ્વત બ્રાહ્મણ યુવા સેના દ્વારા જીલ્લા પ્રમુખ તથા તેમની ટીમનું સન્માન સમારોહ તથા ભોજન સમારંભ યોજાયો હતો.

આ તકે જીલ્લા પ્રમુખ પંકજભાઈ રાવલ તરફથી સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મસમાજની મહીલા પાંખની રચના કરવામાં આવી હતી. જેમાં મહિલા પાંખ પ્રમુખ- સીમાબેન જોષી, મહામંત્રી- ધર્મિષ્ઠાબેન વ્યાસ, કારોબારી સભ્ય- જલ્પાબેન દવે તથા નિશ્ચય જોષી (મીડિયા કન્વીનર) ની નિમણૂંક કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ સાષ્વત બ્રાહ્મણ યુવા સેનાના પ્રમુખ અજયભાઈ સાતા, મહીલા પાંખ પ્રમુખ કોમલબેન ખીરા, મંત્રી દેવેન્દ્રભાઈ (એન) અને સાષ્વત બ્રાહ્મણ યુવા સેના બહોળી સંખ્યામાં જોડાયા હતા. આ સાથે અગ્રણી અરવિંદભાઈ સુડીયા અને હરેશભાઈ સોનપાલે હાજર રહી આ કાર્યક્રમને દિપાવ્યો હતો. આ સાથે બહોળી સંખ્યામાં સાષ્વત બ્રાહ્મણ યુવા સેનાના ભાઈ- બહેનો સાથે ભોજન પ્રસાદ લઈ સન્માન સમારોહ યોજાયો હતો.(૧૨)

## બાળકના અકસ્માત વળતરના કેસમાં રૂ.૫ લાખનું વળતર ચુકવવા હુકમ કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

શહેરના પુનિત નગર ટાંકા પાસે અકસ્માતમાં મૃત્યુ નિપજતા ક્લેમ કેસ દાખલ કર્યો હતો. જેમાં મૃતકના પરિવારને રૂપિયા પાંચ લાખનું અકસ્માત વળતર ચૂકવવાનો અદાલતે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના પુનિત નગર ટાકા પાસે આવેલી ઝૂંપડપટ્ટીમાં રહેતા રોહિત સંજયભાઈ ભોજીયા નામના બાળકનું ગત તા ૧૪,૧,૨૦૨૧ રોજ બુલેટ ચાલકે અડફેટે લેતા તેમાં સર્જાયેલા અકસ્માતમાં રોહિતનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં રોહિત ભોજીયાના પરિવારે ક્લેમ કેસ દાખલ કર્યો હતો. જે કેસ લોક અદાલતમાં મુકતા જેમાં પક્ષકારોનું હિત અને કોઈની જીત નહીં અને કોઇની હાર નહીં તે દિશા તરફ જય માત્ર નવ મહિનાના ટૂંકા ગાળામાં મૃતક રોહિતના પરિવારને પાંચ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. મૃતક રોહિત ભોજીયા ના પરિવાર વતી યુવા એડવોકેટ હેમંત પરમાર અને ધર્મેશ ખીમસુરીયા રોકાયેલા હતા.



એડવોકેટ હેમંત પરમાર

## સૌરાષ્ટ્ર-કચ્છની કંપનીઓના એચ.આર.ની મિટિંગ સંપન્ન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના એચ.આર. પ્રોફેશનલ્સની મિટિંગ કે.એસ.પી.સીના ઉપક્રમે તાજેતરમાં યોજવામાં આવેલ હતી.

આ ગ્રુપ દ્વારા કોઈપણ પ્રકારની સભ્ય ફિ લેવામાં આવતી નથી. ઉપરાંત ભવિષ્યમાં યોજાનાર સેમિનારો, તાલીમ વર્ગો કે સેવાકિય પ્રવૃતીઓમાં કોઈપણ નાણાંકીય સહયોગ વગર માત્ર સંકલન દ્વારા આ બધા કાર્યક્રમ કરવાના સંકલ્પથી આગળ વધી રહ્યા છે.

આ મિટિંગનુ સંચાલન રાજેન્દ્ર ગઢવી ડેપ્યુટી ચીફ મેનેજર એચ.આર. રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા કરવામાં આવેલ તથા સૌરાષ્ટ્ર-કચ્છની નામાંકિત કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહેલ હતા.

આ ગ્રુપ દ્વારા તમામ એચ.આર. પ્રોફેશનલ્સને આહવાન આપવામાં આવે છે કે તેઓ આ ગ્રુપમાં જોડાવા માંગતા હોય તો ડી.જી.પંચમીઆ (મો. ૯૮૯૮૦ ૧૦૮૦૮) તથા રાજેન્દ્ર ગઢવી (મો.૯૮૯૮૬ ૦૯૦૦૦)ના નંબર પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## જસદણમાં હોળી પૂર્વે પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૫

જસદણના જુદા-જુદા વિસ્તારોમાં પી આઇ કે.જે રાણા અને પીએસઆઇ સહિતનાં પોલીસ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. હોળી ધુળેટી નજીક આવી રહી છે. ત્યારે પોલીસ પણ કડક બની ગઈ છે. પોલીસનું ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું ત્યારે જસદણ શહેરમાં ટ્રાફિક સમસ્યા થતી હોય ત્યારે ટ્રાફિક સમસ્યા પણ હલ કરવામાં આવી હતી.

## જીરાવાલા પાર્શ્વનાથ જૈન દેરાસર દ્વારા કાલે શેત્રુંજય તીર્થ ભાવયાત્રાનું આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

જીરાવાલા પાર્શ્વનાથ જૈન દેરાસર દ્વારા તા.૧૬ ને બુધવારના શીલ્પન નોવા ફ્લેટ બી/૩ ના પાર્કીંગમાં સવારે ૯ થી ૧૨ શેત્રુંજય તીર્થ ભાવયાત્રા સંગીતકાર પ્રતાપભાઈ શાહના કંઠે તથા પાલભકિત (અલ્પાહાર) નું સુંદર આયોજન કરવામાં આવેલ છે.

સર્વેને ૨૮ દાતાઓના સહકારથી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે દિલીપભાઈ દેસાઈ (૭૯૯૦૫ ૭૦૮૧૧) ના માર્ગદર્શન હેઠળ જયેશભાઈ શાહ, હિમાંશુભાઈ કોઠારી, પ્રકાશભાઈ શાહ, નરેન્દ્રભાઈ શાહ, જયેન્દ્રભાઈ શાહ, વિરેન્દ્રભાઈ મહેતા, અનિલભાઈ મહેતા, ગિરીશભાઈ શાહ, સમીરભાઈ કાપડીયા, પ્રકાશભાઈ કોઠારી, લલીતભાઈ વોરા, સ્નેહલભાઈ શાહ, સમીરભાઈ શાહએ જહેમત ઉઠાવી રહ્યા છે.

## જસદણના પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર દ્વારા આજીવિકા સંવાદ કાર્યક્રમ યોજાયો



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૫

જસદણના પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના દ્વારા મહિલા દિવસ નિમિતે આજીવિકા સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આરોહણ પ્રોજેક્ટ અંતર્ગત આજીવિકા સંવાદ અને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સતરંગધામ ખાતે કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પાણી, શિક્ષણ, આજીવિકા વિષય ઉપરના સ્ટોલ પ્રદર્શન સાથે ખેડૂત બહેનોને ખેતી-પશુપાલન માં ઉત્પાદન થતી વસ્તુઓનું પેકેજીંગ,મુલ્ય વર્ધન,વેચાણ વ્યવસ્થાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે પૂર્વાગ્રહ તોડો વિષય પર નાટક રજુ કરી બહેનોને પૂર્વાગ્રહ અને હાલના પડકારો જેવાકે શિક્ષણ, સમાનતા, રોજગારી, અંધશ્રધા, વગેરે વિષયથી તેમના સમાન હક્કો માટે વાકેફ કરવામાં આવ્યા હતા.

નેત્રી, નેહલ, માનસી બાળાઓએ બેટી બચાવો અને બેટી વધાવો વિષયપર વક્તવ્ય આપી સહુને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સાથે ૧૮૧ મહિલા અભયમ દ્વારા શાંતિ,સલામતી અને સુરક્ષા માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આધુનિક ખેતી અને પશુપાલન વિશેની માહિતી આપવામાં આવી હતી. વિવિધ ક્ષેત્રમાં કામગીરી કરી પોતાનું આગવું યોગદાન આપનાર બહેનોનું પ્રમાણપત્ર અને ગીફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ઘેલા સોમનાથને મહાકાલનો અદભુત શ્રૃંગાર

(ધર્મેશ કલ્યાણી દ્વારા)



જસદણઃ જસદણ નજીકના પ્રસિદ્ધ ઘેલા સોમનાથ મહાદેવને સોમવારે મહાકાલનો અદભુત શ્રૃંગાર પૂજારી હસુભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યો હતો. મંદિર ટ્રસ્ટનાં મનુભાઈ શિલુના જણાવ્યા મુજબ કોરોના નિયંત્રણો હળવા થતાં અનેક ભાવિકો દર્શને આવે છે. મંદિર ખાતે ભોજન તથા રહેવાની વ્યવસ્થા પણ હોવાથી સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાંથી શનિવાર, રવિવાર અને સોમવારે મોટી સંખ્યામાં યાત્રિકો દર્શને આવે છે.

## બારડોલી ખાતે રકતદાન કેમ્પ યોજાયો

(નટવરલાલ ભાતિયા દ્વારા)

દામનગર, તા.૧૫

બારડોલી કોશિશ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દીપ પ્રાગટય કરી રક્તદાન કેમ્પનો પ્રારંભ કરતા સ્વામી માર્ગીયસ્મિતજીએ રક્તદાતા ઓને શુભેચ્છા પાઠવી હતી. અને જણાવ્યું હતું કે રક્તદાતાઓનું અર્પણ સામે કોશિશ ચેરીટેબલ ટ્રસ્ટે રક્તદાતાઓને હેલ્મેટ આપી સુરક્ષાનું તર્પણ કર્યું છે. ક્રાંતિકારી સ્વામી માર્ગીયસ્મિતજીની નિશ્રામાં રક્તદાન કેમ્પમાં ઉત્સાહભેર યુવાનોએ ભાગ લીધો હતો.




## અવસાન નોંધ

**રાજકોટઃ** મૂળ ધોરાજી હાલ રાજકોટ નિવાસી ઔદીચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ ભાનુબેન મહીપતરામભાઈ ઠાકર (ઉ.૮૬) તે મુકુંદભાઈ, મહેન્દ્રભાઈ, ચંદનબેનના માતા, ગૌરાંગભાઈના દાદીમાંનું તા.૧૪ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૧૭ને ગુરુવારે, સાંજે ૪ થી ૬, તેમના નિવાસ સ્થાને, અમી હાઈટ્સ, બી-૪૦૨, જામનગર રોડ, અરીહંત નગર, શેઠ નગર પાસે, રાજકોટ છે.

**રાજકોટઃ** ચંદ્રેશભાઈ નવીનચંદ્ર રાવલ (શ્રી નૂતન સૌરાષ્ટ્ર) (ઉ.વ.૬૭) તે સ્વ. નવીનચંદ્ર જુગતરામ રાવલના પુત્ર તેમજ ચેતન, સ્વ. હિરેનભાઈ, સ્વ.રાજેશભાઈ, પુર્ણિમાબેન (મુંબઈ)ના ભાઈનું તા.૧૪ ને સોમવારના રોજ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું ટેલીફોનિક બેસણું તા.૧૯ ને શનિવારના રોજ રાખેલ છે. મો.૮૦૦૦૦૩૭૬૩૫

CMYK



# ગુજરાત સ્પોર્ટ્સ પૉલિસી 2022-2027

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

## રમતગમત ક્ષેત્રે વિશ્વસ્તરની વ્યવસ્થા અને સર્વશ્રેષ્ઠ સુવિધા સાથે મેદાન મારશે ગુજરાત

ગુજરાત સ્પોર્ટ્સ પૉલિસી 2022-2027માં રમતગમતના વિકાસ માટે વિશ્વસ્તરની વ્યવસ્થા અને સર્વશ્રેષ્ઠ સુવિધા સાથે દૂરંદેશીભર્યો અભિગમ પણ છે. વિશ્વકક્ષાના રમતવીરો અને પ્રશિક્ષકો તૈયાર કરવાની પરિકલ્પના સાથે વૈશ્વિક માપદંડો સાથેની આંતરમાળખાકીય વ્યવસ્થા ઉભી કરાઈ રહી છે. આ પૉલિસી રમતગમત પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમ, વ્યવસ્થાપન, સંગઠનોની રચના અને ખેલ ઉપકરણોના ઉત્પાદન જેવી બાબતોને પણ ઉજાગર કરશે. ગુજરાતને 'સ્પોર્ટ્સ ટુરિઝમ હબ' અને રમતગમતના રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના આયોજનો માટેના આદર્શ સ્થળની ઓળખ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે આ પૉલિસી.

## પૉલિસીના અગત્યના પાસાઓ

### રમતગમતની માળખાકીય સુવિધાઓ
ઓલિમ્પિક સ્તરની રમતગમતની સુવિધાઓ

### સ્પોર્ટ્સ ઇન્ક્યુબેટર
રમતગમત ક્ષેત્રે સૌપ્રથમવાર સ્ટાર્ટ અપ્સ માટેનું અનુકૂળ વાતાવરણ

### આંતરરાષ્ટ્રીય સંમેલનો
આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ સંમેલનોનું રાજ્યમાં આયોજન

### દિવ્યાંગો માટે સ્પોર્ટ્સ
રાજ્યમાં સૌપ્રથમવાર દિવ્યાંગ રમતવીરો માટે HPC નું આયોજન

### રમતગમતના સાધનોનું ઉત્પાદન
રાજ્યમાં રમતગમતના સાધનોના ઉત્પાદનના એકમો ઊભા કરવા

### એથ્લિટ કલ્યાણ
રાજ્યમાં એથ્લિટ કલ્યાણ યોજનાનો અમલ

### રમતગમત સ્પર્ધાઓ
વિવિધ રમતો માટે અમેચ્યોર અને પ્રોફેશનલ રાજ્યકક્ષાની સ્પોર્ટ્સ સ્પર્ધાનું આયોજન

### કોચને માર્ગદર્શન
સૌપ્રથમવાર કોચનું મૂલ્યાંકન અને કોચની કારકિર્દીનું માર્ગદર્શન

### હાઈ પરફોર્મન્સ સેન્ટર્સ
રાજ્યમાં વિશ્વસ્તરીય હાઈ પરફોર્મન્સ સેન્ટર્સ ઊભા કરવામાં આવશે

### સસ્ટેનેબિલીટી
કાર્બન ન્યુટ્રલ સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નેટ ઝીરો સ્પોર્ટ્સ સમારોહનું આયોજન

### ગ્રાસરૂટ સ્પોર્ટ્સ
અંતરિયાળ જગ્યાઓથી પ્રતિભાને શોધવા અને વિકસાવવા માટે એશિયાનો સૌથી વિશાળ મેળો - ખેલ મહાકુંભ

### નાણાકીય વળતર
સામાન્ય ખેલાડીઓ તથા દિવ્યાંગ ખેલાડીઓને એકસમાન અને યથાયોગ્ય વળતર

### ડેટા એનાલિસિસ અને સ્પોર્ટ્સ સાયન્સ
સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ડેટા એનાલિસિસ અને સ્પોર્ટ્સ સાયન્સના મોડ્યૂલ્સનો અમલ

### સંચાલન
ITના ઉપયોગથી રમતગમતનું પારદર્શી, સમયબદ્ધ અને પેપરલેસ સંચાલન

### આદિજાતિઓની તથા સ્થાનિક રમતો
પારંપરિક રમતોને પ્રોત્સાહન

### નીતિમત્તા અને પ્રામાણિકતા
નશાના દૂષણ તથા જાતિય શોષણને ડામવા નીતિ નિયમોનો કડક અમલ

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય દ્વારા મહિલા દિવસની ઉજવણી

## વિવિધ ક્ષેત્રમાં અથાક પરિશ્રમ કરીને સમાજમાં ગણમાન્ય સ્થાન પ્રાપ્ત કરનાર મહિલાઓનું સન્માન




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

ભારતીય મહિલાઓ આજે વ્યક્તિગત, સામાજિક જીવન તથા રાષ્ટ્રીય ક્ષેત્રે નોંધપાત્ર પ્રભાવ પાડી રહી છે તથા દેશની વિકાસ પ્રક્રિયામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે ત્યારે વિવિધ ક્ષેત્રમાં અથાક પરિશ્રમ કરીને સમાજમાં ગણમાન્ય સ્થાન પ્રાપ્ત કરનાર મહિલાઓને શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરુપે આમંત્રિત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મહિલાઓ આજે દરેક ક્ષેત્રમાં પોતાની આવડત અને હુન્નર બતાવી રહી છે, પછી તે રાજકારણ, સંરક્ષણ ક્ષેત્ર, સાહિત્ય કે વ્યાપાર હોય. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય દ્વારા ડો. ચેતનાબેન વ્યાસ, રંજનબેન પોપટ અને કેયા મેડમને ગુરૂકુલ ખાતે આમંત્રિત કરીને સન્માનિત કરાયા હતા. ડો. ચેતનાબેન વ્યાસ એક સાહિત્યકાર, લેખિકા અને નિવૃત્ત ડેપ્યુટી ડાયરેક્ટર (એજ્યુકેશન) ગાંધીનગરના ક્લાસ વન ઓફિસર છે. રંજનબેન પોપટ શિક્ષણ અને સેવા સંગઠન ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે. જયારે કેયા મેડમ પોલીસ ડિપાર્ટમેન્ટમાં પી.આઈ તરીકે કાર્યરત છે અને એક પ્રામાણિક અધિકારી તરીકેની નામના ધરાવે છે.

આ ત્રણેય મહાનુભાવોએ વિદ્યાર્થીઓ સાથે સુંદર વાર્તાલાપ કર્યો હતો. આ પ્રસંગે ગુરૂકુલ વિદ્યાલયના પ્રિન્સીપાલ કિશોરભાઈ દવે સાહેબે વિદ્યાર્થીઓને ત્રણેય મહિલાઓનો વિસ્તૃત પરિચય આપ્યો હતો અને તેમના સમાજ પ્રત્યેના યોગદાનથી સર્વેને અવગત કર્યા હતા.

આ કાર્યક્રમમાં શાળાના HOD શ્રી બોઘરા સાહેબ, કેમ્પસ ડાયરેક્ટર હરેશભાઈ ખોખાણી તેમજ સ્વનિર્ભર શાળાના સંચાલક મહેશભાઈ વાડદોરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ તકે તેમના વરદ હસ્તે વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંકલન નિલેશભાઈ નિમ્બાર્ક દ્વારા કરવામાં આવ્યું હતું તથા કાર્યક્રમના અંતભાગમાં ઉપસ્થિત મહાનુભાવોની આભારવિધી શાળાના શિક્ષક ભુંડિયા દ્વારા કરવામાં આવી હતી.

# ઉપલેટા કટલેરી બજાર એસો. દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો




(આશિષ લાલકીયા દ્વારા)

ઉપલેટા, તા.૧૫

ઉપલેટા શહેરના એપલગ્રીન પાર્ટીપ્લોટ ખાતે ઉપલેટા કટલેરી બજાર એસોસિએશન દ્વારા સન્માનવિધિ કાર્યક્રમ યોજાયો હતો. આ તકે ધોરાજી-ઉપલેટાના ધારાસભ્ય લલીતભાઈ વસોયાએ ખાસ હાજરી આપી હતી. મહેમાનોનું પ્રમુખ નાથાભાઈ ચંદ્રવાડિયાની પૌત્રી અંજલી દ્વારા કુમકુમ તિલક સાથે મહેમાનોનું સ્વાગત કર્યુ હતું જે બાદ દાનવીર દાતા જીવાભાઈ સોલંકી, લોકસાહિત્યકાર દેવરાજભાઈ ગઢવી, નિવૃત શિક્ષક ભદાભાઈ બોરખતરીયા, લોક ગાયક માલદે ભાઈ આહીર, રાજુ ભાઈ લાલાણી, રાજનભાઈ ભૂત, જે.સી. આઈ. કમલપત્ર એવોર્ડ મેળવનાર સંજયભાઈ મૂરાણી તેમજ એસોસિયેશના સદસ્ય એવા હરેશભાઈ માંડલિયાના પુત્ર ચેતનભાઈ માંડલિયાએ જજની પરીક્ષા પાસ કરીને નિમણુંક થતા તેમના પરિવાર દ્વારા તેમનું સન્માન સ્વીકારાયું હતું.

# જીવનનગરમાં ૧૧૧૧૧ છાણાની હોળી થશે

**‘અગ્નિનું આપોઆપ સળગવું...’ એ વૈજ્ઞાનિક પધ્ધતિથી હોળી પ્રગટાવાશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

રાજકોટ ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહિલા મંડળ, મહોત્સવ સમિતિના ઉપક્રમે જીવનનગરમાં ચોકમાં ૧૧,૧૧૧ છાણાની હોળી બનાવી વૈજ્ઞાનિક પદ્ધતિથી હોળીનું પ્રાગ્ટય કરવામાં આવશે. અગ્નિનું આપોઆપ સળગવું ચમત્કારિક રીતે ઉદ્દઘાટન કરવામાં આવશે. જીવનનગરમાં અનોખી રીતે ઉજવણી તા.૧૭ મી ગુરૂવાર રાત્રિના ૮ કલાકે કરવામાં આવશે. સમિતિના પ્રમુખ અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવ પરા, અમી પાર્ક, શિવપરા, બ્રહ્મસમાજ, તિરૂપતિનગરના રહીશો હાજરી આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હોળી અને ધુળેટી પર્વ ભાતૃભાવ, એખલાસથી રહીશો ઉજવે છે. રાજયમાં જીવનનગર સમિતિની પ્રવૃત્તિ ટોચ ઉપર છે. સમિતિનો વહીવટ પારદર્શક સાથે સાને સાથે રાખવાની આવડતથી શહેરમાં અગ્રેસર છે. અધિકારી-પદાધિકારીઓ હાજરી આપવાનું ચુકતા નથી.

વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટનમાં ભાજપના પ્રદેશ મંત્રી બીનાબેન આચાર્ય, શહેર ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, પૂર્વ કોર્પોરેટર અશ્વિનભાઈ ભોરણીયા અને મહાનગરપાલિકાના મેયર પ્રદિપભાઈ ડવ, ડે. મેયર દર્શિતાબેન શાહ, પ્રમુખ રજનીભાઈ ગોલ, ઉપપ્રમુખ અશ્વિનભાઈ કોરાટ, મનીષભાઈ ડેડકીયા, મહામંત્રી પરેશભાઈ તન્ના, હરેશભાઈ કાનાણી, નગર સેવકો જયોત્સનાબેન ટીલાળા, નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા અને શહેર ભાજપના હોદ્દેદારો હાજરી આપવાના છે.

# પસવાડા સરકારી હાઈસ્કૂલમાં ધો.૧૦ ના વિદ્યાર્થીઓને વિદાય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

સરકારી હાઇસ્કૂલ-પસવાડા તા.ભેસાણ ખાતે ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને વિદાય કમ શુભેચ્છા આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મુખ્ય અતિથિ તરીકે યુવા મોટીવેશનલ સ્પીકર તથા ઇનોવેટીવ શિક્ષક નિકુંજભાઈ સુંદરસાથે હાજરી આપી હતી. શાળાના આચાર્ય પી.ડી.પરમારે કાર્યક્રમની ભૂમિકા બાંધી સૌ મહેમાનો તથા વાલીઓને સ્કૂલની વિવિધ પ્રવૃત્તિઓથી અવગત કરાવ્યા હતા. અતિથિ નિકુંજભાઈએ તેમણે વિદ્યાર્થીઓને પોતાના કેરિયર અંગે જાગૃત થવા અને પરીક્ષાલક્ષી ભાર કેમ હળવો બનાવવો? તેનું સૂચન કરતા વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ વધારીને પોતાના કાર્યમાં તન-મનથી લાગી જવાની વિદ્યાર્થીઓને હાકલ કરી હતી.



વિદ્યાર્થીઓના આખા વર્ષની મહેનતની ફલશ્રુતિ રૂપે ઇનામો પણ મહેમાનોના હસ્તે અપાયા હતા. શાળાના શિક્ષકો મધુસુદનભાઈ તથા દર્શનભાઈએ શાળાની મહેમાનોની સ્વાગત વ્યવસ્થા ભોજન વ્યવસ્થા ખૂબજ સારી રીતે સંભાળી હતી.

આ કાર્યક્રમમાં પૂર્વ તાલુકા પંચાયતના સભ્યને હાલના સરપંચ જેસંગભાઈ ભાટી, પ્રાથમિક શાળાના શિક્ષકો તથા પંચાયતના અન્ય સભ્યો તેમજ વાલીઓએ પણ હાજરી આપીને વિદ્યાર્થીઓને પ્રેરક માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

# બજેટમાં વકીલોને છ કરોડનું વેલ્ફેર ફંડ ફાળવવાના નિર્ણયને આવકારતું નોટરી એસોસિએશન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

બજેટમાં છ કરોડ રકમનું વેલ્ફેર ફંડ ફાળવવામાં આવ્યું છે. જે બદલ સરકારનો રાજકોટ નોટરી એસોસિએશન હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો છે. પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલ,યોગેશભાઈ ઉદાણી અને હસમુખભાઈ જોષીએ કહ્યું હતું કે, ગુજરાત સરકારએ વકીલોની સતત ચિંતા કરનારી સરકાર છે. દર વર્ષની જેમ આ વર્ષના બજેટમાં પણ કાયદા વિભાગને ફાળવેલ રકમમાં વધારો થયો છે.

આ સાથે પ્રદેશ ભાજપ લીગલ સેલના સંયોજક જે. જે .પટેલ, બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયાના સભ્યનું પ્રદેશ ભાજપ લીગલ સેલના સંયોજક દિલિપભાઈ પટેલ, પ્રદેશ ભાજપ લીગલ સેલના સંયોજક દિલિપભાઈ જોષી, પ્રદેશ ભાજપ લીગલ સેલ કારોબારી સભ્ય હિતેષભાઇ દવે, રાજકોટ નોટરી એસોસિએશનના પ્રમુખ પ્રકાશસિંહ ગોહિલ, ઉપપ્રમુખ યોગેશભાઈ ઉદાણી, મંત્રીશ હસમુખભાઈ જોષી, કારોબારી સભ્ય બીપીનચંદ્ર ગાંધી, જયંતભાઈ ગાંગાણી, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રમેશભાઈ ભંડેરી, વિજયભાઈ દવે, રાજેશભાઈ દવે, વિજય ભટ્ટ, રાજેન્દ્રસિંહ ગોહિલ,જયેશભાઇ જાની, કમલેશભાઈ તન્ના, દિનેશભાઇ પમનાણી, મુકેશભાઈ પીપળીયા, અતુલભાઈ મહેતા અને મનીષભાઈ ખખ્ખરએ આભાર માન્યો છે.



# સેબી દ્વારા એલઆઈસીના આઈપીઓ મંજુરી

## આઈપીઓ એપ્રિલ- મે માં આવવાની શકયતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

ઘણા સમયથી જેની રાહ જોવાઈ રહી છે તે એલઆઈસીનો આઈપીઓને સેબી દ્વારા મંજુર અપાય ગઈ છે આઈપીઓ એક-બે મહીનામાં આવશે. આમ, તો આઈપીઓ માર્ચ પહેલા એટલે ૨૦૨૨ ના ફાયનાન્સીયલ યરમાં જ આવી જાય પરંતુ યુક્રેન-રશિયા વચ્ચે થયેલા જાત પોલીટીકલ ઈસ્યુના કારણે આ આઈપીઓ મોડો થશે.



આઈપીઓને લઈને ઈન્વેસ્ટર્સમાં ઉત્સુકતા જોવા મળી છે. જો કે ઘણા બધા રોકાણકારોને આઈપીઓ લઈને ઘણી બધી દિધા છે જેમ કે લિસ્ટિંગ પછી આઈપીઓમાં એટલે કે શેરમાં ઈસ્યુ પ્રાઈઝથી પ્રીમીયમ જળવાશે કે નહીં? નફો થાશે કે નહીં?, લોંગ ટર્મ ઈન્વેસ્ટમેન્ટ કરાય કે નહીં? પરંતુ અમૂક ઈન્વેસ્ટર્સને છે કે એલઆઈસીમાં રોકાણ કરવાથી લાંબાગાળે તો ફાયદો જ છે. આઈપીઓમાં વિદેશી રોકાણકારોનો અને ડોમેસ્ટીક સંસ્થાઓનો અભિગમ પણ મહત્વનો ભાગ ભજવશે. આઈપીઓ ઓલરેડી ફેન્સી થયો છે. આઈપીઓમાં પોલીસી હોલ્ડર્સ એમ્પલોઈને ડીસ્કાઉન્ટ પણ મળશે જેથી આઈપીઓ ભરવા માટે નાના-નાના ઈન્વેસ્ટર્સ બહાર આવશે તેમાં કોઈ શંકા નથી. નાણાકીય સંસ્થાઓ આઈપીઓ આરામથી ઓવર સબસ્ક્રાઈબ કરશે તેમા પણ કોઈ બે મત નથી.

આશરે ૧૫ લાખ કરોડની વેલ્યુએશન એલઆઈસીની થશે. એલઆઈસીના શેર એફએનઓમાં પણ ટ્રેડીંગ મંજુરી મેળવશે. આઈપીઓના આવવાથી રોકાણકારોની સંખ્યા પણ વધશે. આઈપીઓમાં નફો મળશે કે નુકશાન તે તો સમય જ બતાવશે પરંતુ પ્રાયમરી મારકેટને એલઆઈસી આઈપીઓ ધમધમતુ કરી દેશે તેમાં કોઈ શંકા નથી. એલઆઈસીના આઈપીઓ સમયે બજારની પરિસ્થિતિ પણ કેવી હશે તે કહી ન શકાય પરંતુ લાંબા ગાળાને ઇન્વેસ્ટર્સને આઈપીઓ ખૂબ જ ફાયદાકારક થઈ શકે.

ભારત સરકારની ડીસ ઈન્વેસ્ટમેન્ટ પોલીસી અંતર્ગત એલઆઈસીના શેર્સ ને વેંચી ભારત સરકાર પોતાનો હિસ્સો ઘટાડશે અને પબ્લીકને શેર્સ આપશે. વિશ્વના ઘણા બધા મ્યુચ્યુઅલ ફંડો નાણાંકીય સંસ્થાઓ ભારતની નાણાંકીય સંસ્થાઓ આમા બીડ કરશે તેમાં કોઈ શંકા નથી તેમ અગ્રણી શેરબ્રોકર પરેશભાઈ વાઘાણીની યાદીમા જણાવાયું છે.

# પત્નીને માર મારવાના ગુન્હામાં નિર્દોષ છોડી મુકતી અદાલત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

જામનગર રોડ પર રહેતા રીધ્ધીબેન અમીતભાઈ મકવાણા ૧૩ વર્ષ પહેલા મહીલા પોલીસ સ્ટેશનમાં તેના પતિ, સાસુ, સસરા અને દીયર લગ્ન જીવન દરમ્યાન શંકા-કુશંકા કરી પતિએ લાકડી વતી મારમારીને ઝગડો કરી માનસિક અને શારીરિક દુઃખ ત્રાસ આપવાના ગુન્હાની ફરીયાદ કરેલ જે કેસ જયુ મેજી. તાપીયાવાલા સાહેબમાં ચાલી જતા આરોપી અમીત પ્રવીણભાઈ સહીતનાને નિર્દોષ છોડી મુકેલ હતા. આ કામમા પતી સહીતના તરફે વકીલ અભય ભારદ્વાજ એન્ડ એસોસિએટસના અંશ ભારદ્વાજ, દીલીપ પટેલ, ધીરજ પીપળીયા, વિજય પટેલ, કલ્પેશ નસીત, જીજ્ઞેશ વિરાણી, અમૃતા ભારદ્વાજ, શ્રીકાંત મકવાણા, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, ગૌરાંગ ગોકાણી વિગેરે રોકાયા હતા.

# ડુપ્લીકેટ ચલણી નોટ બનાવવા ગુનામાં આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરતી હાઈકોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

મુકુંદભાઈ મનસુખભાઈના ઉમા સ્ટીલ નામના કારખાનામાં ઉપર આવેલ ઓફીસ રૂમમાં ઝેરોક્ષ કેમ પ્રિન્ટર મારફતે ભારતીય ચલણની જુદા જુદા ૬૨ ની બનાવટી નોટો બનાવે છે અને હાલમાં પણ ચલણી નોટો બનાવવાની કાર્યવાહી કરી રહેલ છે. જે અંગેની ચોકકસ બાતમીના આધારે ડી.સી.બી. પોલીસે આરોપી પીયુષ બાવનજીભાઈ કોટડીયા રહે.વાવડી ગામ આકાર એપાર્ટમેન્ટ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ તથા આરોપી મુકુંદ મનસુખભાઈ છત્રાળા રહે.વાવડી ઇન્ડસ્ટ્રીઝ ઝોન, જય ગોપાલ વેબ્રીજની બાજુમાં રહેલ કારખાનામાંથી તા.૩/૪/૨૨ ના રોજ ધરપકડ કરેલ હતી.

જે ગુનાના કામે પોલીસે બનાવ સ્થળેથી રૂા.૨૦૦૦ ના દરની બનાવટી નોટ નંગ-૨૦, રૂા.૫૦૦ ના દરની બનાવટી નોટ નંગ-૧, રૂા..૨૦૦ ના દરની બનાવટી નોટ નંગ -૬, ઝરોક્ષ મશીન, પ્રિન્ટર, મોબાઈલ ફોન વિગેરે મળીને કુલ રૂા .૨૧,૮૦૦ નો મુદામાલ પોલીસે કબ્જે કરેલ હતો.



એડવોકેટ: પીયુષ કોટડીયા

તેમજ આ રોપી નં.૧, પીયુષ બાવનજીભાઈ કોટડીયા પાસેથી અંગ ઝડતી કરતા તેમની પાસેથી પેન્ટના જમણા ખીસ્સામાંથી ભારતીય ચલણની રૂા.૨૦૦૦ નોટ ૧૨ તથા રૂા..૨૦૦ નોટ ૨ મળી આવેલ હતી. જે નોટો એક જ સીરીયલ નંબરો વાળી તથા હલકી ગુણવતા વાળા કાગળમાં તૈયાર કરવામાં આવેલ હતી. જે ગુનાના કામે આરોપીઓ સામે ચાર્જશીટ ૨ જુ થઈ જતા આરોપી નં.૧ પીયુષ બાવનજીભાઈ કોટડીયાનાએ જામીન પર મુકત થવા માટે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરેલ હતી.

ગુજરાત હાઈકોર્ટે આરોપી પીયુષ બાવનજીભાઈ કોટડીયાને રૂા.૧૦,૦૦૦ ના જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે.

આ કામમાં આરોપી પીયુષ બાવનજીભાઈ કોટડીયાને રૂા.૧૦,૦૦૦ ના જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ છે.

આ કામમાં આરોપી પીયુષ બાવનજીભાઈ કોટડીયા તરફે ધારાશાસ્ત્રી નીલ શુકલા, કલ્પેશ નસીત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ધારાશાસ્ત્રી અર્પવ જાની રોકાયેલ હતા.

# જસદણ હવેલી દ્વારા મોઢ મહોદયના પ્રમુખનું સન્માન

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૫

સમસ્ત મોઢ વણિક જ્ઞાતિ રાજકોટના ઉપક્રમે શ્રી મોઢ વણિક યુવા ગ્રુપ રાજકોટ દ્વારા યોજાયેલા વણિક સમાજની વૈશ્વિક સંસ્થા મોઢ મહોદયના પ્રમુખ હર્ષદભાઈ શાહ નો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સૌરાષ્ટ્રની પ્રસિદ્ધ વૈષ્ણવ હવેલી જસદણની શ્રી ગોવર્ધનનાથજીની હવેલી દ્વારા મોઢ મહોદયના પ્રમુખ હર્ષદભાઈ શાહનું સન્માન કરવામાં આવ્યું હતું. હવેલીના પ્રમુખ કિરીટભાઈ સી. પટેલ, ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ બાબરીયા, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી, સહમંત્રી નિલેશભાઈ રાઠોડ તથા સાગરભાઈ દોશી સહિતના લોકોએ હર્ષદભાઈ શાહનું જસદણ હવેલીના શ્રીનાથજીનો ફોટો તેમજ ઠાકોરજીનો ઉપરણો અને શાલ ઓઢાડીને અદકેરૂ સન્માન કર્યું હતું.



# સેસા-વેદાંતા દ્વારા યાત્રિકો માટે સેવા કેમ્પ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જામ ખંભાળીયા, તા.૧૫

હાલમાં ધુળેટી આવતી હોય ત્યારે દ્વારકાધીશના દર્શન કરવાનું અનેરૂ મહત્વ છે. કાળીયા ઠાકર ના દર્શન કરવા પગપાળા ઘણાબધા સંઘ અને યાત્રિકો જતા હોઈ ત્યારે તેમની સુવિધા માટે અલગ અલગ સંસ્થાઓ દ્વારા યાત્રિકો માટે જમવા, રહેવા માટે ઠેક ઠેકાણે કેમ્પ રાખવામાં આવ્યા છે.

સેસા કોક ગુજરાત, વેદાંતા લિમિટેડ દ્વારા સેવા કેમ્પ રાખવામાં આવ્યું છે, જે NRE કંપનીની ગોલાઈ પાસે આવેલ છે. જેમાં ઠંડા પાણી, ચા નાસ્તો, જમવાની તેમજ રહેવાની ખુબજ સરસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં વેદાંતા ગુજરાત ડાયરેક્ટ અભિજીત સાહેબ, ગુજરાત સિક્યુરિટી હેડ (સી.એસ.ઓ.) નંદ ભટ્ટ સાહેબ,પ્લાન્ટ હેડ એચ. આર. લિપષા મેડમ અને અખિલ જેન સાહેબના આર્થિક સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે,



આ યાત્રા સંઘમાં લોકો દૂર દૂરથી લોકો પગપાળા દ્વારકા તરફ જઈ રહ્યા છે જેમાં રોળ ઉપર ટ્રાફિક જોવા મળી રહ્યો છે.

જેમાં વાહનો માં લોકો ખાણી પીણીની વસ્તુ શ્રધ્ધાળુને આપી રહ્યા છે. અને ડી.જે વગાડી ને લોકો ને આનંદ મય વાતાવરણ બનાવી રહ્યા છે, હાલ જામનગર થી દ્વારકા સુધી હાઇવે કૃષ્ણ મય બની ગયું છે.

**(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)**

## ભાજપમાં પણ વંશવાદનું રાજકારણ ચલાવી નહીં લેવાય, જો કોઈની ઉમેદવારી રદ થાય તો હું જ જવાબદારઃ મોદી

જ વિરોધ પણ કરી રહ્યા છે. કાશ્મીર અંગેનું સત્ય દેશની સામે લાવવું જ જોઈએ. તેમણે તાજેતરમાં દેશમાં રીલીઝ થયેલી નકાશ્મીર ફાઈલ્સથ ફિલ્મની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે, આવી ફિલ્મ સત્ય બહાર લાવવામાં મદદ કરે છે. આ બેઠકમાં ભારતરત્ન સ્વર કિન્નરી લતા મંગેશકરને શ્રધ્ધાંજલિ અપાઈ હતી અને બે મિનીટનું મૌન પાડવામાં આવ્યું હતું. યુધ્ધગ્રસ્ત યુક્રેનમાં માર્યા ગયેલા વિદ્યાર્થી નવીન શેખરપ્પા તથા કર્ણાટકમાં હિજાબ વિવાદમાં માર્યા ગયેલા બજરંગદળનાં કાર્યકર હર્ષને પણ શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.(૨.૧૨)

## વિરોધ પક્ષને મજબુત કરવો વધુ જરૂરીઃ નરેશ પટેલ

જાણીતી વાત છે. જયારે વિપક્ષને મજબુત કરવાનું પાટીદાર સમાજનાં દિગ્ગજ નેતાનું વિધાન રાજકીય રીતે ખૂબ જ સૂચક માનવામાં આવી રહ્યું છે અને રાજકારણમાં એમની દિશા કઈ રહેશે તેનો પણ સંકેત આપે છે. નરેશ પટેલનાં સંકેત સાથે જ સૌરાષ્ટ્રનાં રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી બંને આ લોકપ્રિય નેતાને પોતાની સાથે જોડવા માટે ખૂબ જ આતુર છે એ હકીકતનો સંકેત બંને પક્ષનાં ટોચનાં નેતાઓ આપી જ ચૂક્યા છે. આગામી દિવસોમાં રાજકીય ધડાકો થવાની શક્યતા છે. ગુજરાતનાં રાજકારણમાં પાટીદાર સમાજનું દાયકાઓથી ખૂબ જ વર્ચસ્વ રહ્યું છે. એટલે નરેશ પટેલ જેવા કોરી પાર્ટીનાં નેતાનો સથવારો મેળવવા માટે અને પાટીદાર સમાજને રીઝવવા માટે કોઈપણ પક્ષ તૈયાર હોય એ સ્વાભાવિક છે. તેવું રાજકીય નિરીક્ષકો કહી રહ્યા છે.(૨.૧૨)

## બંગાળી અભિનેત્રી રૂપા દત્તા કોલકતામાં લોકોના પાકીટ તફડાવતી ઝડપાઈ

અને રૂ.૭૫ હજાર રોકડા મળી આવ્યા હતા. આથી ખિસ્સા કતારવાના આરોપસર પોલીસે રૂપાની ધરપકડ કરી લીધી હતી. તેની ટોળકીમાં અન્ય કોઈ સાગ્રીતો છે કે કેમ તેની પોલીસ તપાસ કરી રહી છે. અગાઉ રૂપા દત્તાએ હિન્દી ફિલ્મનાં જાણીતા નિર્માતા અનુરાગ કશ્યપ પર જાતિય સતામણીનો આરોપ મૂકી દેશભરમાં ચર્ચા જગાવી હતી.(૨.૧૨)

# અમરેલીના ગજેરા સંકુલમાં મોટીવેશન સેમિનાર યોજાયો

(નટવરલાલ ભાતિયા દ્વારા)

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની મધ્યમ વર્ગીય પરિવારોની દિકરીઓ પુરૂ શિક્ષણ લઈ શકે તેવા હેતુથી અમરેલીમાં એન્જિનિયરીંગ, મેડિકલ, અમે.સી.એ, એમ.બી.એ, નર્સિંગ, ફાર્માસી જેવી વિદ્યા શાખાઓનું શિક્ષણ ઘર-આંગણેજ ઉપલબ્ધ કરાવનાર કેળવણીકાર વસંતભાઈ ગજેરા દ્વારા સ્થાપિત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણીક સંકુલ-અમરેલી ખાતે ધો.૧૧/૧૨ વિજ્ઞાન તથા વિનિયન શાખાની વિદ્યાર્થીનીઓ માટે સ્પષ્ટ- વકતા, સ્થાપક પ્રમુખ વસંતભાઈ ગજેરાનો મોટીવેશન સેમિનાર યોજાયો હતો. સેમિનારમાં સેમિનારના મુખ્ય વકતાએ જણાવ્યું હતું કે, જિંદગીમાં કંઈક પ્રાપ્તિ કરવા માંગતા હો તો આત્મવિશ્વાસ પૂર્વકની મહેનતને સફળતાનું હથિયાર બનાવો...હું કેમ ન કરી શકુ? એ સવાલ પોતાના આત્મા ને પુછીને સખત મહેનત કરી પરિવાર,સમાજ તથા રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપો. આ તકે નિયામક મનસુખભાઈ ધાનાણીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીના લગભગ બે વર્ષ બાદ વિદ્યાર્થીનીઓના અભ્યાસ પ્રત્યે આત્મ વિશ્વારમાં તથા એકાગ્રતામાં વધારો થાય તે હેતુથી પુનઃ ફેકલ્ટીર ડેવલોપમેન્ટ કાર્યક્રમો ચાલુ કરેલ છે, સેમિનારમાં કેમ્પસ ડાયરેકટર ચતુરભાઈ ખૂંટ, હોસ્ટેલ ડાયરેકટર વલ્લભભાઈ રામાણી, આચાર્ય, શિક્ષકો તથા વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



## તંત્રી સ્થાનેથી...

# મુંબઈમાં પ્રોપર્ટીની માંગમાં જોરદાર વધારો થશે?

દેશના મુખ્ય પ્રોપર્ટી માર્કેટ મુંબઈમાં માગ, પુરવઠા અને કિંમતના મોરચે અભૂતપૂર્વ તેજી આવે તેવી અપેક્ષા છે. અહીં કોવિડ -૧૯ મહામારીના કારણે પ્રતિબંધો હોવા છતાં ૨૦૨૧ માં ૩૮,૦૦૦ એકમોનું વેચાણ થયું છે. ઁમ્જી સિક્યોરિટીઝ ઈન્ડિયાના એક રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. આ મુજબ, મુંબઈની શહેરી સંસ્થા મ્સ્ઝ્રએ ૨૦૨૧ માં બિલ્ડિંગ ક્લિયરન્સ ફી તરીકે લગભગ ૧૪,૨૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે, જે પાછલા વર્ષ કરતાં પાંચ ગણી વધારે છે.



રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આવનારા દિવસોમાં મુંબઈ સૌથી વધુ નફાકારક પ્રોપર્ટી માર્કેટ બની શકે છે. યુબીએસ સિક્યોરિટીઝે જણાવ્યું હતું કે નિયમનકારી પહેલોને કારણે માગ અને પુરવઠામાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. તેમના મતે મધ્યમ ગાળામાં મુંબઈમાં સપ્લાયમાં વધારો થશે. મોટાભાગની રિયલ એસ્ટેટ કંપનીઓએ મુંબઈ માટે તેમની યોજનાઓ વધુ ઝડપી બનાવી છે, એમ અહેવાલમાં જણાવાયું છે. આ ઉપરાંત, ક્લિયરન્સ ફીમાં ૫૦ ટકાની માફી, ઝૂંપડપટ્ટીના પુનર્વસન અને દરિયાકાંઠાના નિયમો સાથે પુનઃવિકાસ નીતિઓના ઉદારીકરણ જેવા નિયમનકારી પગલાં મધ્યમ ગાળામાં અહીં માગને વેગ આપશે.

આ સિવાય તમને જણાવી દઈએ કે દેશના ટોપ સાત શહેરોમાં ૨૦૨૧માં રેસિડેન્શિયલ યુનિટના કુલ વેચાણમાં નવા પ્રોજેક્ટનો હિસ્સો લગભગ ૩૪ ટકા રહ્યો છે. પ્રોપર્ટી કન્સલ્ટિંગ ફર્મ એનારોકે જણાવ્યું હતું કે જાણીતા ડેવલપર્સ તરફથી નવા સપ્લાય અને રોકાણકારોની માગમાં વધારો થવાને કારણે આવું થયું છે. ૨૦૨૧માં ટોચના સાત શહેરોમાં ૨.૩૭ લાખ ઘરો વેચાયા હતા, જેમાંથી ૩૪ ટકા નવા પ્રોજેક્ટના હતા. બાકીના ૬૬ ટકા એકમો અગાઉ શરૂ કરાયેલા પ્રોજેક્ટ્સમાં હતા. સાત શહેરો જ્યાં કંપની વેચાણના આંકડાને ટ્રેક કરે છે તે છે દિલ્હી-દ્ગઝ્રઇ, મુંબઈ મેટ્રોપોલિટન રિજન, પુણે, કોલકાતા, બેંગલુરુ, ચેન્નાઈ અને હૈદરાબાદ. ૨૦૨૦માં આ સાત શહેરોમાં કુલ ૧.૩૮ લાખ હાઉસિંગ યુનિટ્સ વેચાયા હતા, જેમાંથી ૨૮ ટકા એ જ વર્ષમાં શરૂ થયેલા પ્રોજેક્ટના હતા. ૨૦૧૯માં વેચાયેલા કુલ ૨.૬૧ લાખ ઘરોમાં નવા પ્રોજેક્ટ્સનો હિસ્સો ૨૬ ટકા હતો. એનારોકે કહ્યું, નવા પ્રોજેક્ટ્સમાં ઘરોની માગ ફરી આવવા લાગી છે, આ પહેલા લાંબા સમયથી માગ માત્ર તૈયાર એકમોની જ હતી.

---

**વાંક પરિવાર દ્વારા સંચાલિત**

# શ્રી ક્રિષ્ના ગૌ-ધામ ખાતે પધારતા સંતો-મહંતો


## વિજય વાંક પરિવારની સેવાને બિરદાવી સાધુ-સંતોએ આશિર્વચન પાઠવ્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૫

સ્વ.બાબબાપુ વાંક પરિવાર દ્વારા સંચાલિત શ્રી ક્રિષ્ના ગૌ-ધામ ખાતે સમગ્ર ભારત જેમની ઉપર ગર્વ લઈ શકે એવા પરમ પૂજ્ય સંત શ્રી સંપુર્ણાનંદજી મહારાજ રાષ્ટ્રીય સચિવ (ચંદીગઢ) તેમજ અગ્નિ અખાડાના અધ્યક્ષ પરમ પૂજ્ય સંત શ્રી મુક્તાનંદજી મહારાજ (ચાંપરડા) તથા યુ.પી. લખનૌવથી પધારેલા પરમ પૂજ્ય સંત શ્રી વિચિત્રાનંદજી મહારાજ તથા ગુજરાતનું પ્રગટ પિરાણુ સુપ્રસિધ્ધ શ્રી વિહળ ધામ પાળિયાદના પૂજ્ય શ્રી ભયલુબાપુ વગેરે સંતો-મહંતોનું ઢોલ-શરણાઈના શુર સાથે ભવ્યાતિ ભવ્ય રીતે વાંક પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગૌ-સેવક ગૌ-પાલક સ્વ. બાબબાપુ વાંકની ગૌ-ભક્તિ અને તેઓ એ કરેલા જાહેર જીવનનાં સેવાનાં પરોપકારોને સર્વ સંતોએ વાગોળી હતી, આ તકે સંત-મહંતએ વિજયભાઈ વાંકની ગૌ-ભક્તિ તેમજ જુના વારસાને જાળવી ઉજાગર કરતા શોખને સર્વે સંતોએ ભરપુર વખાણ્યા હતા આ સાથે વાંક પરિવાર દ્વારા સંતોના ચરણકમળમાં વંદન કરી તેઓને કાઠિયાવાડની પરંપરા મુજબ સાલ ઓઢાડી કુલહાર દ્વારા સંતોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ સેવા કાર્યમાં વાંક પરિવારના મોભી જીલુભાઈ વાંક, રમેશભાઈ વાંક, અઘાભાઈ વાંક, લખુભાઈ વાંક, રાયધનભાઈ વાંક તેમજ ક્રિષ્ના ગૌ-ધામનાં સનાતન ધર્મ રક્ષક સમિતિનાં ગુજરાત પ્રદેશ પ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર વિજયભાઈ વાંક, પૂર્વ કોર્પોરેટ સંજયભાઈ અજુડીયા, ઘનશ્યામસિંહ જાડેજા, કનકસિંહ જાડેજા, અજીતભાઈ વાંક, વિક્રમભાઈ વાંક, વિજયભાઈ એસ. વાંક, નિલેષભાઈ વાંક, રાજુભાઈ ગરચર, રમેશભાઈ વાંક, મહેશભાઈ વાંક, સાગરભાઈ સબાડ, અશોકભાઈ વિરડા, અશ્વિનભાઈ વિરડા, રાજુભાઈ માખેલા, આલિંગભાઈ વિરડા, દિલીપભાઈ ચાવડા, લાલો ગઢવી વગેરે દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

---

### પરિક્ષાના રાજકોટ જિલ્લાના આયોજનની સમીક્ષા બેઠક યોજાઈ

# ૨૦મીએ બિન સચિવાલય હેડ કલાર્કની પરિક્ષા



**પરિક્ષાના દરેક સેન્ટરમાં સીસીટીવી રહેશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૫

આગામી તા.૨૦મીએ ગૌણ સેવા પંસદગી મંડળ દ્વારા બિન સચિવાલય હેડ કલાર્કની પરીક્ષા સુચારુ રીતે યોજાય અને કોઈપણ પ્રકારની ગેરરીતિ ના થાય તેમજ કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કલેક્ટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને મિટિંગ યોજવામાં આવી હતી.

આ મિટિંગમાં રાજ્યકક્ષાએથી મુખ્ય સચિવ દ્વારા દરેક જિલ્લાને અપાયેલા માર્ગદર્શન પ્રમાણે રાજકોટ જિલ્લામાં અમલવારી થાય તે માટે કલેક્ટર દ્વારા સંબંધિત અધિકારીઓને સુચના આપવામાં આવી હતી.

પરીક્ષાના દરેક સેન્ટરમાં સીસીટીવી રહેશે. આ ઉપરાંત કોઈપણ પ્રકારની ઈલેક્ટ્રોનિક વસ્તુઓ લઈ જઈ શકાશે નહીં. પરીક્ષા કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટર વિસ્તારમાં કોપી ઝેરોક્ષ મશીનો બંધ રાખવાના રહેશે. પોલીસ દ્વારા જરૂરી બંદોબસ્ત રાખવામાં આવશે. સૌરાષ્ટ્રમાં રાજકોટ અને જામનગર ખાતે પરીક્ષા કેન્દ્ર રાખવામાં આવ્યા છે.

---

# વોર્ડ નં.૨માં ડામર કામનું ખાતમુહૂર્ત કરતા મિરાણી, પુષ્કર પટેલ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૫

મનપાના વોર્ડ નં.૨માં શીતલ પાર્ક મેઈન રોડ પર આવેલ ૧૨મીટર ટી.પી રોડ પર ડામર કામનું ખાતમુહૂર્ત રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલના વરદ્ હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે વોર્ડ નં.૨ના કોર્પોરેટરો ડો.દર્શિતાબેન શાહ, મનીષભાઈ રાડીયા તથા જયમીનભાઇ ઠાકર તથા મીનાબા જાડેજા, પ્રભારી મનુભાઈ વઘાસીયા, વોર્ડ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડના મહામંત્રી દશરથભાઈ વાળા તથા ભાવેશભાઈ ટોયટા, પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્રભાઈ મિરાણી, અનિલભાઈ મકવાણા, વોર્ડ અગ્રણી ગુલાબસિંહ જાડેજા, અજયસિંહ જાડેજા, રાજનભાઈ સિંધવ, જોરાવરસિંહ ઝાલા, જે.ડી. ઉપાધ્યાય, જયંતિભાઈ બુધેલીયા, નરેન્દ્રસિંહ ગોહિલ, ભરતભાઈ સિંધવ, અતુલભાઈ નથવાણી, લક્ષ્મણભાઈ, ચંદ્રસિંહ જાડેજા, રાજુભાઈ પારેખ, યુવરાજસિંહ સરવૈયા, અજયભાઈ કારીયા, કિરીટભાઈ પાઠક, વિશાલભાઈ ભીમાણી, શહેર ભાજપ મંત્રી દિપાબેન કાચા, વોર્ડ નં.૨ મહિલા મોરચા પ્રમુખ દેવ્યાનીબેન રાવલ, મહિલા મોરચાના મહામંત્રી પલ્લીબેન ચૌહાણ, પૂર્વ કોર્પોરેટર લીલાબા જાડેજા, જસુમતીબેન વસાણી, વોર્ડ અગ્રણી સીમાબેન અગ્રવાલ, દુર્ગાબેન રાજયગુરૂ, નુસરતબેન, અનસૂર્યાબેન પરમાર, ભાવનાબેન પોપટ વિગેરે ઉપસ્થિત રહેલ.

---

### યુવા સેના ટ્રસ્ટ દ્વારા 'વિશ્વ ચકલી દિન'ની ઉજવણી નિમિત્તે

# ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ કરાશે



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૫

યુવા સેના ટ્રસ્ટ દ્વારા આગામી તા.૨૦મીએ 'વિશ્વ ચકલી દિન'ની ઉજવણી કરવામાં આવશે.

તા.૨૦ને રવિવારના રોજ વિશ્વ ચકલી દિન ઉજવવામાં આવશે. જેના ભાગરૂપે પૂર્વ તૈયારી રૂપે તા. ૧૯ને, શનિવારના રોજ ઉજવણી કરવામાં આવશે. તે અંતર્ગત તે દિને યુવા સેના ટ્રસ્ટ દ્વારા માયાણી ચોક, બેકબોન શોપીંગ સેન્ટરની બાજુમાં, ખાતે સવારે ૯ કલાકે થી ટ્રસ્ટના કાર્યકર્તાઓ ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ કરશે. પક્ષી પ્રેમીઓએ આ સેવાનો લાભ લઈને પક્ષીઓ બચાવવાના ટ્રસ્ટ ના અભિયાનમાં થી જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે. જેમાં ઉનાળા દરમ્યાન અમારા વિવિધ પ્રોજેક્ટ સામેલ કરવામાં આવશે. જેમાં સ્લીપર ચંપલ તથા ટોપીનું વિતરણ, પાણીના પરબો, નિઃશુલ્ક છાશ કેન્દ્ર વિગેરે સમયાંતરે હાથ ધરવામાં આવશે. તેમ ટ્રસ્ટના પ્રમુખ પ્રદ્યુમનસિંહએ જણાવ્યું છે.

---

**SGVP ગુરૂકુળ અમદાવાદ ખાતે**

# ૨૦મીએ ભાવવંદના પર્વનું ભવ્ય આયોજન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

અમદાવાદ તા.૧૫

સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા શિક્ષણક્ષેત્રે અજોડ કાર્ય થઈ રહ્યું છે. સંસ્કાર સાથે શિક્ષણ આપવું એ ગુરૂકુળની અનોખી પહેલ છે. ભારતવર્ષની આઝાદી સમયે ઈ.સ ૧૯૪૮માં શાસ્ત્રીજી મહારાજ ધર્મજીવનદાસજી સ્વામી દ્વારા રાજકોટમાં સૌ પ્રથમ ગુરૂકુળની સ્થાપના કરવામાં આવી હતી.

સ્વામીજી કુશાગ્ર બુદ્ધિ, ધર્મનિષ્ઠા અને સાધુતાના લક્ષણોથી યુક્ત હોવાને કારણે તેઓ સંપ્રદાયમાં ખૂબ આદરપાત્ર થયા હતા. તેઓ એક નૂતન વિચારધારા ધરાવનારા સંત હતા. તેથી સંપ્રદાયની ચક્રગતિ તેમને પસંદ ન પડી. છેવટે તેઓએ હિમાલની યાત્રા કરી. એ યાત્રા દરમિયાન રુદ્રપ્રયાગના સંગમ સ્થળે, ગંગાજીના કિનારે તેઓનાં હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની નાનકડી શિક્ષાપત્રીના અદ્ભૂત મંત્રો સદ્વિદ્યા પ્રવર્તન અને સર્વજીવ હિતાવહ રમવા લાગ્યા.

તેઓને ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વજીવહિતાવહ સિદ્ધાંતોને અનુરૂપ સમાજ સુધારણા અને સમાજસેવાનો એક અનોખો માર્ગ હાથ આવ્યો અને તેઓએ ગુરૂકુળની સ્થાપના કરી. આ ગુરૂકુળ પ્રાચીન ગુરૂકુળ પરંપરાનું આધુનિક સ્વરૂપ હતું.

સમાજના ઉત્થાન માટે જેમનું જીવન હતું, સાધુતાથી જેઓ સંપન્ન હતા અને જેને ભગવાનનો સાક્ષાત્કાર હતો એવા શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના જીવન અને દર્શનનો એક ઐતિહાસિક ગ્રંથ શ્રી ધર્મજીવન ગાથા પ્રકાશિત થવા જઈ રહ્યો છે.

આ મહાન ગ્રંથના વિમોચન અને લોકાર્પણ પ્રસંગે સમગ્ર વિશ્વમાં ફેલાયેલા સ્વામિનારાયણ સંપ્રદાયના મૂર્ધન્ય સંતો, દેશ વિદેશમાં વસતા હરિભક્તો, સાહિત્યકારો, સમગ્ર SGVP ગુરૂકુળ પરિવાર તારીખ ૨૦માર્ચ, રવિવાર ૨૦૨૨ ના રોજ સાંજે ૫ કલાકે ભાવાંજલિ પર્વ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

આ મહોત્સવમાં વડતાલ પીઠાધીપતિ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ પ્રામ થયા છે. પરમ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પરમ પૂજ્ય ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી વગેરે સંતોના સાંનિધ્યમાં ઉજવાનાર આ પર્વમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેવાના છે. ઉપરાંત ગૃહમંત્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ડી.એન. પટેલ(ચેરપર્સન - ટી.ડી.સેટ) વગેરે અનેક મહાનુભાવ ઉપસ્થિત રહેશે.

---

# હું વિવાદમાં નહીં, વિકાસમાં માનું છું: ભૂપત બોદર



**જો કોઈ સભ્યોને પ્રશ્ન હોય તો મને રૂબરૂ રજૂઆત કરે: નિરાકરણ લાવીશું: પ્રમુખ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૫

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદર પર થયેલા આક્ષેપો બાદ ભૂપતભાઈએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, હું વિવાદમાં નહિ વિકાસમાં માનું છું. ભૂપતભાઈએ કહ્યું હતું કે, પ્રમુખ પદે ચૂંટાયા બાદ મારી પ્રથમ ફરજ બને છે કે, હૂ બીજા ચૂંટાયેલા સભ્યોના પ્રશ્નો સાંભળું અને તેની સમસ્યાઓનો સમયસર નિરાકરણ લાવું.

ભુપતભાઈએ વધુમાં જણાવતા કહ્યું હતું કે, જિલ્લા પંચાયતના કોઈ સભ્યોને જો કોઈ પ્રશ્ન હોય તો મને રૂબરૂ રજૂઆત કરે તો જેનાથી તેને જે કોઈ પ્રશ્ન હોય તેની વાત સાંભળીને યોગ્ય નિરાકરણ લાવવા પ્રયત્નો કરાશે. કારણ કે, પ્રમુખ તરીકે તેમની જવાબદારી છે કે, કોઈ સભ્યો હેરાન ન થાય.

પ્રમુખ પદે ચૂંટાયા બાદ ભૂપતભાઈ હરહંમેશ પ્રજાના પ્રશ્નો સાંભળતા રહ્યા છે અને સતત ગ્રામવિકાસ અને લોકવિકાસના કામોમાં કાર્યરત રહ્યા છે.

ભૂપતભાઈએ જણાવ્યું હતું કે, ભાજપ સરકાર અંત્યોદયની સંકલ્પનાને સાકાર કરતા સમાજના છેવાડાના માનવીના ઉત્થાન માટે કાર્યો કરી રહી છે અને છેવાડાના માનવીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે તેવા જ વિચારથી હૂં પણ કાર્ય કરી રહ્યો છુ. ગ્રામ પંચાયતોમાં માળખાગત સુવિધાઓનો વિકાસ કરી, ગ્રામજનોનું જીવનધોરણ ઊંચું લાવવા ભાજપ સરકાર કટિબદ્ધ ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બની રહેશે.

ભૂપતભાઈના કાર્યકાળને કાલે એક વર્ષે પૂર્ણ થશે ત્યારે કાલે યોજાનારા કાર્યક્રમમાં રાજકોટ જીલ્લાના ગામોમાં ૧૦૦% વેક્સિનેશન પૂર્ણ કરનાર શાળાઓને ભુપતભાઈ બોદર તરફથી સ્વખર્ચે સ્માર્ટ ટીવી આપવામાં આવશે. રાજકોટ જીલ્લામાં રોડ-રસ્તા, પાણી, વીજળી સહિતના પ્રશ્નોને લઈને લોકો દ્વારા કરાતી રજૂઆતને ધ્યાનમાં લઈને દિવસ રાત જોયા વિના ભૂપત બોદર પ્રશ્નોનો નિરાકરણ કરવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ભૂપત બોદરની કામગીરીને લઈને લોકો બિરદાવી રહ્યા છે. યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભૂપત બોદરની યશસ્વી કામગીરી રહી છે.

## પ્રમુખ તરીકે મારી જવાબદારી છે કે, કોઈ સભ્યો હેરાન ન થાય: બોદર

---

### રાજકોટમાં યોજાયેલ ધર્મ સંમેલનમાં સરગમ કલબ દ્વારા

# પૂ.સંત નૌતમ સ્વામીજી અને પાટીલનું અભિવાદન કરાયું




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ તા.૧૫

ગત રવિવારનાં રોજ રેસકોર્સ ગ્રાઉન્ડમાં અખિલ ભારતીય સમિતિ, ગુજરાત પ્રેરિત હિંદુ ધર્મ સેના રાજકોટ આયોજિત ધર્મ સંમેલન એવમ શાકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ.

આ હિંદુ ધર્મ સંમેલનમાં ૧૦૦થી વધુ પૂજ્ય સંતો ઉપસ્થિત રહેલ. તેમજ રાજકોટના સંસદ સભ્યો, ધારસભ્યો, મેયર, તેમજ ભાજપના આગેવાનો વિવિધ સંસ્થાના ૭૦ જેટલી હોદેદારો તેમજ વિવિધ જ્ઞાતિઓનાં આગેવાનો અને સમાજના શ્રેષ્ઠીઓ તેમજ બહોળી સંખ્યામાં ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેલ. આ તકે બધા મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવેલ. સરગમ કલબ દ્વારા પૂજ્ય સંત શ્રી. નૌતમ સ્વામીનું સરગમ કલબના હોદેદારો દ્વારા મોમેન્ટો આપીને અભિવાદન કરેલ તેમજ ગુજરાત પ્રદેશ ભાજપનાં પ્રમુખ સી.આર.પાટિલનાં જન્મદિવસ નિમિતે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, રાજેન્દ્રભાઈ શેઠ, રમેશભાઈ અકબરી, જયસુખભાઈ ડાભી દ્વારા મોમેન્ટો આપીને અભિવાદન કરેલ.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

**RECRUITMENT**

**DESIGNATION**
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

**EXPERIENCE**
Experienced / Freshers

**WORKING HOURS**
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm


**ADDRESS**
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com

Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

### રાજયમાં આગામી ત્રણ દિવસ હીટવેવની આગાહી :સૌરાષ્ટ્ર– કચ્છમાં સિવિયર હિટવેવ

# ઉફ્...ગરમી



**એન્ટિ સાયક્લોનિક સર્ક્યુલેશની અસર હેઠળ ફૂંકાતા ગરમ અને સૂકા પવનોથી ગરમીનું જોર વધશેઃ રાજકોટ સહિતના ૧૭ શહેરમાં પારો ૩૮ ડિગ્રીને પાર પહોંચી ગયોઃ સૌરાષ્ટ્રમાં સૌથી ઊંચુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૦.૮ ડિગ્રી નોંધાયુ**



(તસવીરઃ દિલીપ ગોહેલ)

અમદાવાદ :રાજયમાં ત્રણ દિવસ હીટવેવની આગાહી છે. રાજયમાં તાપમાન ૨થી ૩ ડિગ્રી વધવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં સિવિયર હીટવેવની આગાહી કરાઈ છે તો અમદાવાદ, પાટણ, બનાસકાંઠામાં પણ ગરમીનો પારો વધવાની શક્યતા છે. હીટવેવને લઈને સૌરાષ્ટ્રમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે અમદાવાદમાં પણ આવતીકાલથી યલો એલર્ટ જાહેર કરાયું છે. ગુજરાતમાં ઉનાળાની ગરમીની શરૂઆત થઈ ગઈ છે. એટલુ જ નહીં ગુજરાતમાં આગામી ત્રણ-ચાર દિવસ આકરી ગરમી અનુભવાશે. હવામાન વિભાગની આગાહી મુજબ હોળી-ધુળેટીના તહેવાર પહેલા જ ગુજરાતવાસીઓ ગરમીથી તપી જશે.

ગુજરાતીઓએ આગામી ત્રણ-ચાર દિવસ કાળઝાળ ગરમીનો અનુભવ કરવો પડશે. એન્ટિ સાયકલોનિક સર્ક્યુલેશનની અસર હેઠળ ફૂંકાતા ગરમ અને સૂકા પવનોથી ગરમીનું જોર વધશે. અમદાવાદ સહિતના ૧૭ શહેરમાં પારો ૩૮ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. જ્યારે આગામી બે દિવસમાં અમદાવાદ, ડીસા, ભુજ, રાજકોટ, સુરતમાં ૪૦ ડિગ્રી ગરમી પડવાની શક્યતા છે. રાજ્યમાં ગરમ પવનોથી તાપમાનમાં ૨ ડિગ્રી સુધીનો વધારો થઈ શકે છે.

ગુજરાતમાં ગરમીના પ્રથમ રાઉન્ડની શરૂઆત થઈ ચૂકી છે. માર્ચ મહિનામાં જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને વટાવી જશે. આ વખતે માર્ચ મહિનાથી ગુજરાતીઓને હીટવેવનો સામનો કરવો પડશે. ગુજરાતમાં ઉનાળો દિવસેને દિવસે કાળઝાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. હોળી પહેલા જ રાજ્યમાં ગરમીની જ્વાળાઓ ફેલાઈ છે. ત્યારે રાજ્યમાં આગામી ચાર દિવસ માટે હવામાન વિભાગે હીટવેવની આગાહી કરી છે. ગુજરાતમાં સોમવાર એટલે કે આજે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે મંગળ અને બુધવાર માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગનું માનીએ તો રાજ્યમાં આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો વધારો થઈ શકે છે. આગામી બે દિવસમાં જ અમદાવાદમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીથી વધી જાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## રાજકોટ ક્રાઈમ

### બીમારીથી કંટાળી વૃદ્ધાનો આપઘાત

શહેરના નાના મવા રોડ ઉપર સિલ્વર ગોલ્ડ રેસીડેન્સીમાં રહેતા રહેતા નિર્મલાબેન ચંદુભાઈ જાવીયા (ઉ.૬૨) નામના વૃધ્ધાએ પોતાના ઘરે જ ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા અહીં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરતા તાલુકા પોલીસના સ્ટાફે દોડી જઈ તપાસ કરતા વૃધ્ધા કેટલાક સમયથી પગની બીમારીથી પીડાતા હોય કદાચ તેનાથી જ કંટાળી આ પગલું ભરી લીધું હોવાની શંકાએ તપાસ હાથ ધરી છે.

### હથિયાર રાખનાર શખ્સ ઝબ્બે

શહેરના માલવિયાનગર પોલીસના પીઆઈ કે એન ભુકણના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગમાં રહેલ ટીમને મળેલી બાતમી આધારે બાલાજી હોલ નજીક ખીજડાવાળા રોડ ઉપર વોચ ગોઠવી મવડી ચોકડી નજીક જલારામ સોસાયટીમાં રહેતા નૈમિષ ભરતભાઈ સરમાળી (ઉ.૨૦) ને સકંજામાં લઇ જડતી લેતા તેની પાસેથી એક દેશી બનાવટની પિસ્ટલ અને બે કાર્ટીસ મળી આવતા ૧૦,૨૦૦ની મતા કબજે કરી ધરપકડ કરી હતી પ્રાથમિક પુછતાછમાં સીનસપાટા કરવા શોખ ખાતર હથિયાર રાખતો હોવાની કબુલાત આપતા હથિયાર કોની પાસેથી લીધું હતું તે જાણવા રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

### કબૂતરની જાળી બાંધતી વેળાએ પટકાતા શ્રમિકનું મોત

મૂળ બિહારનો અને હાલ રાજકોટમાં અયોધ્યા ચોકમાં રહેતો રાહુલ ઉપેન્દ્રભાઈ સહાની (ઉ.૨૨) નામનો યુવાન ગઈકાલે મોટા મવા નજીક અંબિકા ટાઉનશીપ પાસે આસોપાલવ બિલ્ડીંગમાં બીજા માળે કબૂતરની જાળી ફીટ કરવાનું કામ કરતો હતો ત્યારે અકસ્માતે નીચે પટકાતા ગંભીર ઈજા થતા સિવિલ હોસ્પીટલે ખસેડાયો હતો પરંતુ સારવારમાં મોત થતા તાલુકા પોલીસે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી મતક ત્રણ ભાઈ અને બે બહેનમાં મોટો હોવાનું જાણવા મળ્યું છે.

### દારૂના ગુનામાં વોન્ટેડ નામચીન ત્રિપુટી ઝડપાઇ

શહેરમાં વિવિધ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને દબોચી લેવાની સુચના અન્વયે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૨૫૨ બોટલ દારૂ સાથે અગાઉ ત્રણની ધરપકડ કર્યા બાદ આ ગુનામાં વોન્ટેડ જયેશ ઉર્ફે જયલો વિઠ્ઠલભાઈ નકુમ, હરપાલસિહ ઉર્ફે મોન્ટુ ચંદ્રસિહ જાડેજા અને રાજન ઉર્ફે ભૂરો ભુપતભાઈ કનેરીયાને દબોચીલીધા છે જયેશ વિરુદ્ધ ૫ અને હરપાલ વિરુદ્ધ ૩ ગુના નોંધાઈ ચુક્યા છે.

### વાડીમાંથી ચણા લેનાર મહિલાને બે ભાઈઓએ માર માર્યો

રાજકોટ તાલુકાના ભંગડા ગામે વનરાજભાઈ કાઠીની વાડીમાં રહેતા રામુબેન માધાભાઈ ગોહેલ (ઉ.૪૫) એ મહિપત રાજપૂત અને ભૂપત રાજપૂત સામે આજી ડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે ભુપગઢ ગામે નીતાભાઈની વાડી ભાગમાં વાવવા રાખી હોય તે વાડીમાંથી શેક બનાવવા માટે ચણા લેતા તેના ભાઈઓએ ચણા કેમ પૂછ્યા વિના લીધા તેમ કહી ગાળો ભાંડી. ઢીકાપાટુંનો માર મારી હાથમાં લાકડી ઝીકી દેતા ફ્રેકચર જેવી ઈજા કરી હતી આ અંગે એએસઆઈ એમ બી જાડેજા તપાસ ચલાવી રહ્યા છે.

### મિત્ર સાથે કેમ ઝઘડો કર્યો કહી ત્રિપુટીએ યુવકને લમધાર્યો

મવડી પ્લોટમાં રહેતો રીક્ષાચાલક મહેશગીરી જમનગીરી ગોસ્વામી ગત રાત્રે સાગર ચોકમાં હતો ત્યારે અંકુર, ગોલુ અને એક અજાણ્યા શખ્સે આવી તું મારા મિત્ર મુન્નાભાઈ સાથે કેમ બોલાચાલી ઝઘડો કરે છે સમાધાન કેમ નથી કરતો કહી ધોકાથી અને ઢીકાપાટુનો માર માર્યો હતો આ અંગે તાલુકા પોલીસ મથકના પીએસઆઈ પી એમ રાઠવા તપાસ ચલાવી રહ્યા છે.

### તમારો ધંધો બંધ કરાવી દેવો છે કહી દંપતી ઉપર હુમલો

શહેરના રોહીદાસપરામાં રહેતા અને લાતી પ્લોટમાં ભંગારનો ડેલો ધરાવતા અંજુબેન ખીમજીભાઈ ચાવડા અને તેના પતિ ખીમજીભાઈ ઉપર વિશાલ નારણભાઈ મકવાણા અને તેના ભાઈ પાંડુએ પાઈપ અને લાકડીથી હુમલો કરતા હોસ્પિટલે ખસેડાયા હતા વિશાલ અગાઉ આ જ ડેલામાં નોકરી કરતો હોય તેના ઉપર ફરિયાદ થતા તેને કાઢી મુક્યો હતો જેનો ખાર રાખી અમારા ડેલા સામે તેણે ડેલો ખોલી અમારા ગ્રાહકોને ગાળો દઈ તમારો ધંધો બંધ કરાવી દેવો છે કહી માર મારતા ફરિયાદ નોંધાવતા બી-ડીવીઝન પીએસઆઈ જે આર સરવૈયા તપાસ ચલાવી રહ્યા છે.

### જુગારના ત્રણ દરોડામાં ૧૬ ઝડપાયા

શહેરમાં દારૂ -જુગારના કેસો કરવાની સુચના અન્વયે એલસીબી પીએસઆઈ એ એલ બારસીયા અને ટીમે આંબેડકરનગરમાં દરોડો પાડી જુગાર રમતા વાલજી ગોહેલ, સાગર લોખીલ, હાર્દિક પરમાર, નરેશ મકવાણા અને કેતન સાગઠીયાને ઝડપી લઇ રોકડ, ફોન, વાહન સહીત ૧,૦૨,૨૬૦ની મતા કબજે કરી છે સાગર ૧૨ ગુનામાં અને વાલજી ૭ ગુનામાં પકડાઈ ચુક્યો છે બી ડીવીઝન પોલીસે જુગાર રમતા કનું ગોહેલ, દિનેશ ભરખડા, પંકજ પરમાર, રવિ મકવાણા, નવીન અને ભાવિક વોરાને ઝડપી લઇ રોકડા ૫૨૫૦ કબજે કર્યા હતા જયારે થોરાળા પોલીસે જુગાર રમતા સંજય ચાવડા, દિલુ ગીડા, લાલજી ઢાપા, અરૂણ ડોંડા અને ગોપાલ શિયાળને ઝડપી લઇ રોકડા ૮૦૧૦ કબજે કર્યા હતા.

### ફૂડ સેફ્ટી ઓથોરીટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકાર દ્વારા

# ફૂડ સેફ્ટી ઓફિસરને ઉચ્ચ કંફીગ્રેસનવાળા ટેબલેટ ફાળવવા

**ટેબલેટ દ્વારા ઓફિસરની કામગીરીનો ડેટાબેઝ જાળવી શકાશે તેમજ ઉપરી અધિકારીને સબમિટ કરી શકાશે, ડીઝીટલ અને પેપરલેસ કામગીરી કરી શકાશે**



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૫

ભારત સરકાર તથા રાજ્ય સરકાર દેશના નાગરિકોની આરોગ્યની જાળવણી માટે અનેકવિધ કાર્યો કરી રહી છે. ખાદ્યપદાર્થોમાં ભેળસેળ ન થાય તે માટે અગાઉ સરકાર દ્વારા ખાદ્યપદાર્થની ચકાસણી માટે રાજકોટ મહાનગરપાલિકાને ફૂડ સેફ્ટી વાન આપવામાં આવેલ. ફૂડ વિભાગની કામગીરી વિશેષ સક્ષ્જ કરવા માટે ફૂડ સેફ્ટી ઓથોરીટી ઓફ ઇન્ડિયા અને ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તમામ ફૂડ સેફ્ટી ઓફિસરને ઉચ્ચ કંફીગ્રેસનવાળા ટેબલેટ ફાળવવામાં આવેલ છે. જેના અનુસંધાને આજે રાજકોટ મહાનગરપાલિકાના ચાર ફૂડ સેફ્ટી ઓફિસર સી.ડી.વાઘેલા, કે.એમ.રાઠોડ, કે.જે.સરવૈયા અને આર.આર.પરમારને મેયર ડો.પ્રદિપ ડવ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, શાસકપક્ષ નેતા વિનુભાઈ ધવા, શાસકપક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, આરોગ્ય સમિતિ ચેરમેન ડો.રાજેશ્રીબેન ડોડીયાના વરદ હસ્તે ટેબલેટ આપવામાં આવેલ.

આ ટેબલેટના માધ્યમથીઃ- ઓનલાઈન પોર્ટલ અન્વયેની કામગીરી જેવી કે ફૂડ લાઈસન્સ રજીસ્ટ્રેશન ઈન્સ્પેકસન રીપોર્ટ ભરી શકશે. અરજીની ચકાસણી તથા સ્થળ પર લાઈવ લોકેશન સાથે ઈન્સ્પેક્શન રીપોર્ટ ભરી શકશે તેમજ હાયજીન રેટિંગ અંગેના રિપોર્ટ્સ ભરવા તેમજ ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા લેવાયેલ ખાદ્યચીજના નમુનાની ઓનલાઈન નોંધ પોર્ટલમાં કરી શકાશે.

FOSCOS.FSSAI.GOV.IN લોગીન પરથી આવતી તમામ કામગીરીના ઓનલાઈન ફરિયાદ અંગેના રીપોર્ટ સ્થળ પરથી ભરી શકાશે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોટ્સએપ તથા ટોલ ફ્રી નંબર પરથી આવતી ફરિયાદોની ચકાસણી કરી તેનું રીપોટીંગ પણ સ્થળ પરથી કરી શકાશે.

સરકારની પોર્ટલ દ્વારા અપાતી સૂચનાઓ આવેલ ફરિયાદો તેમજ તાલિમ મેળવી શકાશે. ફૂડ લાઈસન્સ તથા રજીસ્ટ્રેશન અંગે ઉપરી અધિકારી દ્વારા મોકલાવેલ અરજીઓને સ્કુટીનાઈઝ કરી ઇન્સ્પેક્શન રીપોર્ટ સબમિટ કરી શકાય. સરકાર દ્વારા અપાયેલ ટેબલેટ દ્વારા ઓફિસરની કામગીરીનો ડેટાબેઝ જાળવી શકાશે. જરૂર પડયે ઉપરી અધિકારીને સબમિટ કરી શકાશે. આમ, ઈસ્યુ કરાયેલ ટેબલેટ દ્વારા ડીઝીટલ અને પેપરલેસ કામગીરી કરી શકાશે.

### ગાંજાના કેસમાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ એસઓજી



રાજકોટ: શહેર એસઓજી ટીમ દ્વારા સુરત શહેર કામરેજ પો.સ્ટેના ગુન્હાના કામના આરોપી રફીક ઉર્ફે ગોલી રજાકભાઇ મુલતાની પીંજરા રહે રૂખડીયાપરા શેરીનં. ૮ ને રૂખડીયાપરમાંથી ઝડપીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. એસ.ઓ.જીના પો.ઇન્સ સી.જી.જોષીની ટીમે કામગીરી કરી હતી.

### ૧૦ દારૂની બોટલ સાથે એક ઝડપાયો, બીજાની શોધખોળ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ: રાજકોટ ક્રાઇમ બ્રાન્ચના ઝોન-૨ના એલસીબી પીએસઆઇ એ.એલ.બારસીયા તથા પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન શિવધારા એપાર્ટમેન્ટની પાસે ગાંધીગ્રામ ગૈતમનગર શેરીનંપબ ખાતેથી કુલ ૧૦ બોટલ સાથે હિરેન ભિખુભાઇ મકવાણાને ઝડપી પાડ્યો હતો અને નજીર ઉર્ફે મુનો ઠાસરીયાની શોધખોળ આદરી છે. કુલ ૪૯ હજારનો મુદામાલ ઝડપીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધો.૧૦-૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ હળવાશથી લઈ પાસ કરી દેવા માંગ

**જો કડકાઇથી પરીક્ષા લેવામાં આવશે તો રીઝલ્ટ પર અસર પડશેઃ રણજીત મુંધવા**





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૫

ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહીં પરંતુ રહેમ રાહ રાખી પાછલા વર્ગના ટકા પ્રમાણે પાસ કરવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ દળના રણજીત મુંધવા સહિતનાઓએ શિક્ષણ અધિકારી મારફત શિક્ષણમંત્રીને રજુઆત કરવામાં આવી હતી. રજુઆત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં કોરોનાની મહામારીમાં સરકારની ગાઇડલાઇન મુજબ લાંબા સમય સુધી શાળાઓ બંધ રહી હતી.ઓનલાઇન અભ્યાસમાં વિદ્યાર્થીઓને સમજવામાં મુશ્કેલી પડી રહી છે. અને જો હવે આ પરિસ્થીતી વચ્ચે કડકાઇથી પરીક્ષા લેવામાં આવશે તો વિદ્યાર્થીના પરીણામો પર ગંભીર અસરો પડશે. માટે આ વર્ષે ધો.૧૦/૧૨ના તમામ વિદ્યાર્થીઓને પરીક્ષાઓ હળવાશથી લઇને પાસ કરી દેવા માંગ કરાઇ છે.

### ભાણવડઃ ૧૨૦ બોટલ દારૂ સાથે આરોપીની ધરપકડ



(સમીર ઉનડકડ દ્વારા)

ભાણવડઃ શહેરનાના પ્રકાશ નગર વિસ્તારના રહેણાંક મકાનમાં વિદેશી દારૂ વેચાતો હોવાની પોલીસને બાતમી મળતા પોલીસ સબ ઇન્સ્પેક્ટર એન એચ જોશી તથા તેમનો સ્ટાફ પેટ્રોલિંગમાં હોય અને રાજદીપસિંહ મેઘરાજસિંહ જાડેજા ના મકાનમાં રેડ કરતા ઓલ સીઝન રિઝર્વ વીસકી બોટલ નંગ ૨૪ મેકડોવેલ સુપરીયરવીસકી બોટલ નંગ ૯૬મળી કુલ બોટલ નંગ ૧૨૦ અંદાજિત કિં. રૂ. ૪૮૦૦૦ હજારનો મુદ્દામાલ સાથે આરોપી રાજદીપસિંહ મેઘરાજસિંહ જાડેજાને ઝડપી પાડ્યો હતો આ માલ સપ્લાય કરનાર વિજય ઉગાભાઈ બગડા રહે મોરજર તાલુકો ભાણવડ વાળા હાજર ન હોય જે બંને વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

## પુણ્યતિથિએ હદયાંજલિ



**સ્વ. શ્રી રાજકુમાર ક્રિપાલસિંહજી પરમાર**

એમ.એ., એલ.એલ.બી., એડવોકેટ, સ્વ. તા.૧૫/૩/૧૪

નિડરતા, નિષ્ઠા, પ્રમાણીકતા, ધૈર્યતાના પર્યાય સમા વ્યકિતત્વને

**પુણ્યતિથિએ હદયાંજલિ**

લી.

આપનો પુત્ર

**રૂપરાજસિંહ આર. પરમાર**

(એડવોકેટ)

પૌત્ર

પ્રેમરાજસિંહ

હેતરાજસિંહ

તથા આપનો પરિવાર

# યુનિ. પોલીસમાં લેન્ડ ગ્રેબિંગની ફરીયાદ નોંધાઈ

**વેજા ગામે જમીન પર કબ્જો જમાવનાર સામે ગુનો દાખલઃ ફરિયાદીના દાદાની ખોટી સહીવાળો સાટાખત બનાવી જમીન હાથ હડપ કરી જવા કારસો રચાયો હોવાનો આરોપ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા. ૧૫

રાજકોટના યુનિવર્સિટી પોલીસ મથકે વધુ એક લેન્ડ ગ્રેબિંગની ફરીયાદ નોંધાઇ છે. જેમાં વેજા ગામે ગરાસીયા પરિવારની કરોડોની કિંમતની ૨૨ એકર ૩૦ ગુંઠા ખેતીની જમીન ઉપર મુંજકાના કાથડ હરસુખ સેગલીયા, પ્રભાત રાજા હુંબલ અને તેના પુત્ર પ્રવિણ નામના આહિર શખ્સોએ કબ્જો કરી લીધો હોવાનો આરોપ લગાવ્યો છે.

વેજા ગામ (વાજડી)ના ફરીયાદી રાજેન્દ્રસિંહ ભરતસિંહ જાડેજા (ઉ.વ.૪૩)એ કરેલા આક્ષેપો મુજબ તેમણે જિલ્લા કલેક્ટરની લેન્ડ ગ્રેબિંગ કમિટી સમક્ષ અરજી કરી હતી, જેમાં તેમણે જણાવ્યું હતુંકે વેજા ગામે રેવન્યુ સર્વે નં.૨૭ પૈકીની ખેતીની જમીન તેના દાદા અભેસિંહ મુળુભા જાડેજાએ વર્ષ ૧૯૭૫માં વેચાણ કરી હતી તેઓ દાવો આરોપીઓએ કરેલો જેમાં સાડા ત્રણ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર ટાઇપ કરેલ લખાણ રજૂ કરેલું જે મુજબ ૪ એકર ૩૧ ગુંઠા જમીન તેઓને વેચાણ કરેલી. જોકે આ લખાણમાં સામે પક્ષના કોઇની સહી નહોતી, એટલું જ નહીં તેમના દાદાની સહી પણ ખોટી હતી અને આ સાટાખત નોટરાઇઝ કરેલો પણ નહોતો, જેથી ખોટો સાટાખત ઉભો કરી જમીન પર કબ્જો જમાવી રાખ્યો હતો. આ જમીન વિવાદ લાંબા સમયથી ચાલતો હોય અગાઉ આરોપીઓએ જમીન ઉપર દાવો પણ કરેલો છે. પ્રભાતભાઇએ તેમના પુત્ર પ્રવિણભાઇને પાવર ઓફ એટર્ની લખી આપેલ છે.

જેથી તેમનો દાવો છે કે આ જમીન ઉપર તેઓ છેલ્લા ચાર દાયકાથી માલઢોર ચરાવે છે. ફરીયાદમાં થયેલા ખોટા દસ્તાવેજમાં આરોપ સહિત આરોપીઓ ગરાસીયા પરિવારને તેમની જમીન ઉપર જતા અટકાવી રહ્યા હોય અને ધાક ધમકી આપતા હોવાથી તપાસ બાદ કલેકટરની કમીટીએ તપાસ કરાવ્યા પછી એફઆઇઆર નોંધવા તા. ૯/૩ના રોજ હુકમ કરતા ગઇકાલે તા. ૧૪ના રોજ યુનિ. પોલીસ મથકે પી.આઇ. એ.એસ. ચાવડાએ આઇપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૪૫૨, ૫૦૬(૨), ૫૦૪, ૧૧૪ મુજબ તેમજ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ ૨૦૨૦ની કલમ ૩, ૪ (૩), ૫(ક),(ખ), (ગ), (ચ) મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ પશ્ચિમ વિભાગના એસીપી પી.કે. દિયોરાએ હાથ ધરી છે. (૪.૧૦)

**જોઇએ છે**

રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા, જૂનાગઢ, જામનગર સહિત રાજ્યભરમાં ઇન્સ્યોરન્સ માર્કેટિંગ માટે છોકરાઓ જોઇએ છે. રીઝ્યુમ સાથે લાવવું જરૂરી

ચામુંડા ઇન્સ્યોરન્સ-રાજકોટ

મો -૮૦૦૦૦૦૧૭૫૭, ૯૫૭૪૬૮૦૧૧૨

### જેતપુરમાં જુગાર રમતી ૧ મહિલા સહિત ૪ ઝડપાયા

**મકાન વેચવાનું છે**

ઓમ નગરમાં ૪૦ ફીટ, રોડ પાસે બ્રોકર ભાઈઓ આવકારીય છે.

મો.૯૮૭૯૯ ૧૬૬૦૩/ ૮૮૬૬૬ ૧૮૩૩૩

**મોકાની ઓફીસ વેચવાની છે**

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

Dt.15-03-2022 8 મંગળવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

## આમાં કઈ રીતે ભણે ગુજરાત?!!

# રાજકોટ સહિત ૪ સમૃધ્ધ સંપન્ન જિલ્લાઓમાં ૧૦૧ શાળાઓમાં શિક્ષક માત્ર ૧...!!



### સુરત જિલ્લામાં ૪૩, વડોદરા જી.માં ૩૮ અને રાજકોટ જિલ્લાઓમાં ૧૬ શાળાઓમાં તમામ વર્ગો માટે માત્ર એક જ શિક્ષક!

રાજકોટ જિલ્લામાં ૧૬ અને અમદાવાદ જિલ્લામાં ૪ શાળાઓ એવી છે જ્યાં એક જ શિક્ષકથી ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે. અપયશ ભરી આ યાદીમાં માત્ર ખેડા અને ભાવનગર જિલ્લાઓનાં નામ નથી. અહીં એક શિક્ષક ન હોવાથી પ્રાથમિક શાળાને તાળા મારી દેવાયા છે. એ જ રીતે રાજકોટ પાસેનાં થોરાળા ગામમાં આવેલી શાળામાં પણ એકય શિક્ષક નથી. આ ગામ પણ રાજ્યનાં શ્રમમંત્રી બ્રિજેશ મેરજાનું વતન છે. શિક્ષણમંત્રી

## વિધાનસભામાં રાજય સરકારે રજૂ કરેલી માહિતીનાં ચોકાવનારા આંકડા

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં શિક્ષણ અભિયાન વેગ પકડી રહ્યું છે અને ભણે ગુજરાતનાં નારા લગાવવામાં આવી રહ્યા છે. ત્યારે સરકાર સંચાલિત પ્રાથમિક શિક્ષણની દશા કેવી છે? તે દર્શાવતા ચોંકાવી દેનારા આંકડા વિધાનસભામાં ખૂદ રાજ્ય સરકારે જાહેર કર્યા છે. ગઈકાલે પ્રશ્નોતરી કલાક દરમિયાન સરકારે ગૃહમાં મુકેલા ડેટા મુજબ ગુજરાતમાં ૭૦૦ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં માત્ર એક જ શિક્ષક ઉપલબ્ધ છે. સમૃધ્ધ અને વિકસિત ગણાતા રાજકોટ સહિતનાં કેટલાક જિલ્લાઓમાં પણ એક જ શિક્ષક હોય એવી શાળાઓની યાદી સરકારી જાહેર કરતા સરકાર સંચાલિત શિક્ષણની અધોગતિનો ખ્યાલ આવી જાય છે. માત્ર એક શિક્ષકથી ચાલતી સૌથી વધુ શાળામાં કચ્છ જિલ્લામાં છે.

**રાજ્યની ૭૦૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષકથી ગાડું ગબડાવાય છે**

રાજ્ય સરકારે આપેલા આંકડા મુજબ સરકાર સંચાલિત આવી ૭૦૦ શાળાઓમાં ધો- ૧ થી ૮ નાં વર્ગોમાં બેસતા વિદ્યાર્થીઓને માત્ર એક શિક્ષક શિક્ષણ આપે છે એ કઈ રીતે શક્ય બનતું હશે? સિંગલ ટીચર શાળાઓની યાદીમાં સૌથી આગળ કચ્છ જિલ્લો છે. જ્યાં આવી ૧૦૦ શાળાઓ છે. એ પછી આદિવાસી પટ્ટાનાં મહીસાગર જિલ્લામાં ૭૪ અને તાપી જિલ્લામાં ૫૯ શાળાઓમાં એક જ શિક્ષક ૮ વર્ગોમાં ભણાવે છે.

આશ્ચર્યની બાબત એ છે કે, સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતા અને ખૂબ જ વિકસિત ગણાતા રાજકોટ સહિતનાં ૪ જિલ્લાઓમાં પણ આવી શાળાનું અસ્તિત્વ છે. સૌથી વધુ સુરત જિલ્લામાં ૪૩, વડોદરા જિલ્લામાં ૩૮, શિક્ષક હોય એવી એકપણ શાળા નથી.

વિપક્ષી કોંગ્રેસ પક્ષનાં સભ્યોએ સરકારી પ્રાથમિક શાળાઓની અવદશા અંગે સરકાર પર માછલા ધોતા એવો તીખો સવાલ કર્યો હતો કે, ધો- ૧ થી ૮ સુધીનાં વર્ગો હોય ત્યાં અનેક વિષયનો અભ્યાસ પણ કરાવવાનો હોય, સેંકડો વિદ્યાર્થીઓ હોય ત્યારે માત્ર એક શિક્ષક કઈ રીતે તમામ વર્ગોમાં તમામ વિષય ભણાવી શકે?

વિપક્ષી સવાલોનાં જવાબમાં રાજ્ય સરકાર તરફથી જવાબ આપતા શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, નિવૃત્તિ, મૃત્યુ અને બદલીઓને કારણે કેટલાક જિલ્લાઓમાં આવી પરિસ્થિતિ સર્જાઈ છે. શક્ય તેટલી જલ્દી તે તમામ શાળાઓમાં નવા શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

કોંગ્રેસનાં લલિત કગથરાએ ગૃહમાં એવો દાવો કર્યો હતો કે, ભાજપનાં પ્રદેશ ઉપપ્રમુખ જયંતી કવાડિયાનાં વતનનાં ગામ હળવદ તાલુકાનાં ઘનશ્યામ ગઢમાં તો એકપણ વાઘાણીએ એવો ખુલાસો કર્યો હતો કે, સરકારને આવી કોઈ માહિતી મળી નથી. શાળા બંધ થઇ ગયાની વાત સાચી લાગતી નથી.

સરકારે ગૃહમાં એવી પણ માહિતી આપી હતી કે, રાજ્યમાં સરકાર સંચાલિત ૮૬ પ્રાથમિક શાળાઓ બંધ થઇ ગઈ છે અન્ય ૪૯૧ શાળાઓનું મર્જર કરવામાં આવ્યું છે. એટલે કે એક શાળાને બીજી શાળા સાથે જોડી દેવામાં આવી છે. રાજ્યમાં અત્યારે કેળવણી નિરીક્ષકની ૫૬૩ જગ્યાઓ ખાલી છે. માત્ર ૩૦ જગ્યાઓ ભરાયેલી છે. ૧૭ જિલ્લાઓમાં એકપણ કેળવણી નિરીક્ષક નથી. તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની પણ ૯૩ જગ્યાઓ ખાલી છે.(૨.૧૨)

**સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૧૦૦ શાળાઓમાં એક જ શિક્ષક**

# નીતિન ઢાંકેચા જૂથનો પહેલો 'ઘા' સફળ?!

## ગાંધીનગરમાં રાદડિયા વિરૂદ્ધ રજૂઆત કરવાથી મહેશ આસોદરિયાને દૂર કરાયાઃ ઢાંકેચા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૫

રાજકોટ જિલ્લા બેંકના ચેરમેન સામે ભાજપના નીતિન ઢાંકેચાએ મોરચો માંડ્યો છે. જિલ્લા બેંકમાં ભરતીને લઇને તેમણે જયેશ રાદડિયા વિરૂદ્ધ ગાંધીનગરમાં સહકાર વિભાગમાં રજૂઆત કરી છે. ત્યારે હવે જયેશ રાદડિયાએ બેંકમાં લોધિકા સંઘના પ્રતિનિધિ તરીકે મહેશ આસોદરિયાના નામની જાહેરાત કરી હતી. હવે મહેશ આસોદરિયાને પાડાસણ સહકારી મંડળીમાંથી દૂર કરવામાં આવ્યા છે. આ મુદ્દે આજે નીતિન ઢાંકેચાએ મીડિયાને જણાવ્યા હતું કે, ગાંધીનગરમાં રાદડિયા વિરુદ્ધ રજૂઆત કરવાથી મહેશ આસોદરિયાને દૂર કરાયા છે. અને તેની જગ્યાએ વલ્લભભાઈ મકવાણાની પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી છે. ત્યારે એવુ ચર્ચાઇ રહ્યુ છે કે આ જુથે ગાંધીનગરમાં રજુઆત કરીને પહેલો ઘા સફળ બનાવી દીધો છે.??

રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન, ભાજપના પૂર્વ મંત્રી અને જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયા સામે ભાજપના નીતિન ઢાંકેચા, પરસોતમ સાવલિયા, વિજય સખિયા અને હરદેવસિંહ જાડેજાએ ગાંધીનગર ખાતે રજૂઆત કરી હતી. જેમાં જિલ્લા બેંકમાં કથિત ભરતી કૌભાંડ ચાલતુ હોવાનુ જણાવાયું હતું. વિઠ્ઠલ રાદડિયા બેંકના ચેરમેન હતા, ત્યારે ૨૦૦૨માં બોર્ડ મિટિંગમાં ઠરાવ કરીને ભરતીની તમામ સત્તા ચેરમેનને આપી દેવામાં આવી હતી. જેને લઈને ભરતી કૌભાંડ મામલે જયેશ રાદડિયાની સીધી સંડોવણી હોવાનો આક્ષેપ પણ ભાજપનાં નેતાઓ દ્વારા કરવામાં આવ્યો હતો.

આ મુદ્દે હરદેવસિંહ જાડેજા જૂથના વિજય સખિયાને દૂર કરીને જિલ્લા બેંકમાં લોધિકા સંઘના પ્રતિનિધિ તરીકે મહેશ આસોદરિયાની દરખાસ્ત મૂકી હતી. જોકે મહેશ આસોદરિયા હવે પાડાસણ સહકારી મંડળીના પ્રતિનિધિ ન રહેવાથી સંઘમાં તેની એન્ટ્રી મુશ્કેલ બનશે. દરમિયાન પાડાસણ મંડળીમાંથી મહેશ આસોદરીયાને દૂર કરી વલ્લભભાઈ મકવાણાની પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જેને લઈ હરદેવસિંહના જૂથે જયેશ રાદડિયા સામે મોટો દાવ રમ્યો હોવાની ચર્ચા લોકોમાં ઉઠી છે.

નોંધનીય છે કે, આ પહેલા શહેર ભાજપમાં જૂથવાદ સામે આવ્યો હતો. જો કે રવિવારે પાટીલ અને રૂપાણી એક



મંચ ઉપર આવતા અને એકબીજા સાથે ચર્ચાઓ કરતા જોવા મળતા આ જૂથવાદ શાંત થયો હોવાનું જણાય રહ્યું છે. ત્યારે હવે જિલ્લા બેન્કમાં ભરતી કૌભાંડને લઈને સહકારી આગેવાન અને ભાજપના નેતા નીતિન ઢાંકેચાએ ભાજપનાં ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જયેશ રાદડિયા સામે સીધા આક્ષેપ કરતા જિલ્લા ભાજપમાં આંતરિક જૂથવાદ હોવાની ચર્ચાઓ ઉઠી રહી છે. જો કે વર્ષોથી સહકારી ક્ષેત્ર અને જયેશભાઇ સાથે જોડાયેલા નીતિન ઢાંકેચા સહિતનાઓએ વર્ષો બાદ ભરતી કૌભાંડનાં આક્ષેપો કરતા તેની સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

## ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને તડામાર તૈયારીઓ શરૂ

# કાર્યકર્તાઓને નહીં ગણકારતા ધારાસભ્યોની ટિકિટ કપાશે?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૧૫

યુપી સહીત ચાર રાજ્યોમાં ભાજપનો વિજય થતા દેશભરમાં કાર્યકર્તાઓએ વિજય ઉત્સવ મનાવી ખુશી વ્યક્ત કરી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી વર્ષ ૨૦૨૨માં યોજાનાર છે. યુપી સહીત ચાર રાજ્યમાં ભાજપનો વિજય થતા ગુજરાત વિધાનસભાની ચૂંટણી વહેલી આવશે કે પછી સમયસર યોજાશે તે ચર્ચાને લઈને જોર પકડ્યું છે.

ગુજરાતમાં ચૂંટણીને લઈને મહિનાઓ પહેલા ભાજપે પેજ કમિટી સહિતની તૈયારીઓ આદરી દીધી હતી. મોટા ભાગની તૈયારીઓ પૂર્ણ કરી દીધી બાદ કરી મોટાભાગના લોકોને ટિકિટ આપશે? જો નો-રિપીટ થિયરી અપનાવાશે તો યુવા ચહેરાને તક મળશે તેવું સુત્રોમાંથી જાણવા મળ્યું છે. કોરોના કાળમાં ધારાસભ્યોએ કરેલી કામગીરી પણ ધ્યાનમાં લેવામાં આવશે. ધારાસભ્યોએ કરેલી કામગીરીનો રીપોર્ટ તૈયાર થયા બાદ કાર્યકર્તાઓએ થોકબંધ ફરિયાદો પ્રદેશ ભાજપ સુધી પહોંચાડી છે. કાર્યકર્તાઓની રજૂઆતને પણ ધ્યાનમાં લેવામાં આવશે.

### પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને કાર્યકર્તાઓએ પત્ર પાઠવી વ્યથા ઠાલવી

હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને એક જ ચર્ચાઓ થઇ રહી છે કે, ભાજપ નો-રિપીટ થિયરી અપનાવશે કે પછી કેટલાક ચહેરાઓને

સુત્રોમાંથી જાણવા મળ્યું છે કે, ચૂંટણીને લઈને ભાજપે તડામાર તૈયારીઓ આદરી દીધી છે. છેલ્લા પાંચ વર્ષમાં ધારાસભ્યોએ કરેલી કામગીરીનો રીપોર્ટ તૈયાર થઇ રહ્યો કાર્યકર્તાઓના મનની વાત જાણવા પ્રદેશ ભાજપની ટીમ ગુજરાતભરમાં ફરી વળશે.

વધુમાં જાણવા મળ્યું છે કે, કેટલાક ધારાસભ્યોની કામગીરીને લઇ

વધુમાં જાણવા મળ્યું છે કે, ચૂંટણી લડવા ઈચ્છુકોએ પ્રદેશના નેતાઓ સમક્ષ કાનમાં મનની વાત કરી દીધી છે.

સી.આર.પાટીલ પ્રદેશ પ્રમુખ બન્યા બાદ રાજકોટ સહિત ગુજરાતભરમાં પ્રવાસ કરી રહ્યા છે. પેજ સમિતિ સહિતની કામગીરીનો રીપોર્ટ મેળવી રહ્યા છે.

રાજકોટ સહીત રાજયના કેટલાક ધારાસભ્યોની કામગીરીને લઈને કાર્યકર્તાઓએ પ્રદેશ પ્રમુખ પાટીલને પત્ર પાઠવી રજૂઆત કરી છે. કાર્યકર્તાઓની રજૂઆતને ધ્યાનમાં લઈને કેટલાક ધારાસભ્યોને સાનમાં સમજાવી દિધાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે.



# અનિષ્ટનાં નાશનું પર્વ હોલિકા દહન માટે રાજકોટમાં તડામાર તૈયારીઓ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

### દુકાનો અને બજારોમાં ગોઠવાય ગયા ધાણી, ખજૂર, પતાશાનાં હારડા ખરીદી માટે ભાવિકોનો બજારોમાં ધસારો, ગુરૂવારે હોળી પ્રાગટ્ય થશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ અનિષ્ટ તત્વનો હંમેશા નાશ થતો જ હોય છે. એવો ધાર્મિક સંદેશો આપતા પર્વ હોલિકા દહન આડે હવે ગણતરીનાં દિવસો બાકી છે. ત્યારે રાજકોટની બજારોમાં હોળી પર્વ નિમિતે ધાણી, ખજૂર, દાળિયા જેવી પર્વ માટે જરૂરી ગણાતી ચીજોનાં થડા ગોઠવાઈ ગયા છે. પતાશાનાં હારડા દુકાનોનાં થડા અને રેકડીઓ પર ગોઠવાઈ ગયા છે. નારીયેલનાં જથ્થા પણ દુકાનોમાં આવી ગયા છે અને ભક્તજનો પર્વની તૈયારી માટે આ તમામ ચીજ- વસ્તુઓની ખરીદી કરવા બજારોમાં ધસારો કરી રહ્યા છે. ગુરૂવારે સાંજે પરંપરા મુજબ અને શાસ્ત્રોક્ત પ્રક્રિયા સાથે રાજકોટ મહાનગરમાં ઠેરઠેર અલગ- અલગ લતાઓ અને સોસાયટીનાં ચોકમાં હોળી પ્રાગટ્ય કરવામાં આવશે અને બહેનો હોળી ફરતે પ્રદક્ષિણા કરીને પૂજા-અર્ચના કરશે. (૨.૧૨)

# ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ગેરકાયદેસર પાર્કિંગ ઉપર બુલડોઝર ફરી વળ્યું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશ્નર અમીત અરોરાની સુચના અનુસાર તથા ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ. ડી. સાગઠીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરના જાહેર માર્ગો પર વાહન પાર્કિંગની સમસ્યાને અંતર્ગત મ્યુનિ. કમિશ્નર દ્વારા રજુ કરાયેલ એકશન પ્લાન અંતર્ગત મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આજેના રોજ વન વીક વન રોડ અંતર્ગત શહેરના વેસ્ટ ઝોન વિસ્તારના નિર્મલા રોડ પરના પાર્કિંગ તથા માજીર્નમાં થયેલ નીચેની વિગતો થયેલ દબાણો/ગેરકાયદેસર બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ છે. કુલ ૧૬૦ ચો.મી.નું દબાણ દુર કરવામાં આવ્યું છે.

આ કામગીરીમાં વેસ્ટ ઝોનના ડેપ્યુટી કમિશ્નર, ટાઉન પ્લાનિંગ ઓફિસર, સીટી એન્જીનીયર, વેસ્ટ ઝોન તેમજ વેસ્ટ ઝોનની ટાઉન પ્લાનિંગ શાખા, બાંધકામ શાખા, દબાણ હટાવ શાખા, રોશની શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખાના તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષા વિભાગના અધિકારી તથા તેમનો તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

# મનપાની વન વીક, વન રોડ અંતર્ગત ૧૨૦ બોર્ડ-બેનર જપ્ત કરાયા




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૫

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આવેલ મુખ્ય ૪૮ માર્ગો પર વન વીક, વન રોડ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં આજે વેસ્ટ ઝોનના કોટેચા ચોકથી હનુમાન મઢીચોક સુધીના નિર્મલા રોડ ખાતે અલગ અલગ શાખા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. વન વીક વન રોડ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાના કોટેચા ચોકથી હનુમાન મઢીચોક સુધીના નિર્મલા રોડ વિસ્તારમાં આવેલ ખાણી-પીણીના ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ.

જેમાં કુલ ૧૧ ફુડ બિઝનેસ ઓપરેટરની ચકાસણી કરવામાં આવેલ. ચકાસણી દરમ્યાન ૧પેઢીને લાયસન્સ બાબતે નોટીસ આપેલ. દબાણ હટાવ શાખા દ્વારા કોટેચા ચોકથી હનુમાન મઢીચોક સુધીના નિર્મલા રોડ પરથી જપ્ત કરેલ પરચુરણ માલસામાન ૫ અને જપ્ત કરેલ બોર્ડ-બેનર ૧૨૦ જપ્ત કરવાની કામગીરી કરવામાં આવી હતી.

# રાજકોટ બેડી યાર્ડની મિંટીંગ યોજાઇ

### બજાર સમિતિના કર્મીઓને મોંઘવારી ભથ્થાનો લાભ આપવા સહિતની દરખાસ્તો મંજુર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧૫

આજે બેડી યાર્ડ ખાતે યાર્ડના પ્રમુખ જયેશ બોઘરાના અધ્યક્ષ સ્થાને ગત મિટીંગની કાર્યવાહીની નોંધ લઇ બહાલી આપવામાં આવી હતી. સર્વાનનુ મતે મંજુર કરવામાં આવી હતી. મિટીંગમાં વાહન એન્ટ્રી ટેન્ડર, પોલીસ ચોકીના બાંધકામના આવેલ રીવાઇઝડ પ્લાન એસ્ટિમેન્ટ, સીસીટીવી કેમેરા, પોસ્ટ ઓફીસ બીલ્ડીંગ પરત સંભાળેલની નોંધ, સ્પીકર માટે મંગાવેલા વાયરો, મુખ્ય યાર્ડની પુર્વે બાજુએ આવેલ ગ્રાઉન્ડમાં વાહન પાર્કીંગ માટે કરવામાં આવેલ ભરતી ખર્ચ, ખેડુતોના થયેલ આકસ્મિત અવશાન અંગે સહાય સહિતની ચર્ચાઓ કરીને મંજુર કરવામાં આવી હતી.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.